Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूज्यं विधायामलं ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनं वचः ॥
सच्छीलं परिपाल्नीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્તક ૩૨ મું.] માહ. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [અંક ૧૧ મો.

પ્રગટ કર્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ ઠગ ભક્તોની ગાઢભક્તિ (પદ્ય) ... ... ... ... ૩૪૧
૨ પરોપદેશે પાંડિત્યમ્ (પદ્ય) ... ... ... ... ૩૪૨
૩ સદ્બોધ શિક્ષા (પદ્ય) ... ... ... ... ... ૩૪૧
૪ શ્રી સમયસાર પ્રકરણ—ભાષા અનુવાદ (રહસ્ય) ... ... ૩૪૪
૫ બુદ્ધિ સ્વરૂપ... ... ... ... ... ... ૩૫૧
૬ જૈનોનું અધ્યાત્મ શાસ્ત્ર અને નીતિ શાસ્ત્ર... ... ... ૩૬૦
૭ પ્રાકૃત ભાષાનું મહત્ત્વ... ... ... ... ... ૩૬૮
૮ ધાર્મિક બંધુઓ અને બ્હેનોને અગત્યની સૂચનાઓ... ... ૩૭૩
૯ શ્રી આગમોદય સમિતિ અંતર્ગત સૂત્રવાંચના... ... ... ૩૭૮

ભાવનગર—શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

## ૧ હાલમાં છપાય છે.

૧ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી કૃત ટીકા યુક્ત.
( શ્રી બુહારીવાળા શા. ભીખાભાઇ સોભાગચંદની સહાયથી. )

૨ શ્રી ઉપદેશ સપ્તતિકા. મોટી ટીકા યુક્ત.
( શ્રી ગોધા નિવાસી પરી ધરમચંદ ભગનલાલની સહાયથી. )

૩ શ્રી યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર. (બુકાકારે)
( શ્રી ભાવનગર વિગેરેની શ્રાવિકાઓની સહાયથી. )

૪ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ સંસ્કૃત.
( શ્રી શીહોરના શ્રીસંઘની સહાયથી. )

૫ શ્રી કર્પૂર પ્રકર ગ્રંથ. મોટી ટીકા યુક્ત.
( શ્રી પડર નિવાસી શા. હીરાચંદ લક્ષ્મીચંદની સહાયથી. )

૬ શ્રી ચંદરાજાનો રાસ. સાર અને રહસ્યયુક્ત. (ગુજરાતી)
( શ્રી પાછીયાપુર નિવાસી શા. રણછોડદાસ ભાયચંદની સહાયથી. )

૭ શ્રી હૈમલઘુપ્રક્રિયા વ્યાકરણ. (બીજી આવૃત્તિ)
( શ્રી પેથાપુર નિવાસી શા. સકરચંદ બલાખીદાસની અર્ધ સહાયથી. )

૮ શ્રી વસ્તુપાળ ચરિત્ર ભાષાંતર (ગુજરાતી)
( શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસની અર્ધ સહાયથી. )

## ૨ તૈયાર હોવાથી તરતમાં છપાવા શરૂ થશે.

૯ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૧૨–સંસ્કૃત.
( શા. હીરાલાલ બકોરદાસ ઉજમશીની સહાયથી. )

૧૦ શ્રી સપ્તતિકા ( છઠ્ઠો ) કર્મગ્રંથની ભાષ્ય ટીકાયુક્ત–સંસ્કૃત.
( શ્રી પાટણ નિવાસી શા. તારાચંદ રતનચંદની અર્ધ સહાયથી. )

૧૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધનું ભાષાંતર.

૧૨ શ્રી મલ્લિનાથ ચરિત્ર પદ્યબંધનું ભાષાંતર.

૧૩ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

## ૩ તૈયાર થાય છે.

૧૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું આખું ભાષાંતર.

૧૫ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. (સ્વતંત્ર લેખ)

૧૬ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. સ્થંભ ૧૩ થી ૨૪–સંસ્કૃત.

૧૭ શ્રી અક્ષયનિધિ તપ સંબંધી વિધિવિધાન કથા સ્તવનાદિ.

૧૮ અઢાર પાપસ્થાનક ને બાર ભાવનાની સજ્ઝાય. અર્થ વિવેચન યુક્ત.

ઉપરના ગ્રંથો પૈકી નં. ૧૧–૧૨–૧૩–૧૪–૧૫–૧૬ માટે સહાયની અપેક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. ] માહ. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [ અંક ૧૧ મો.

## ઠગભક્તોની બકભક્તિ.

જપતી પ્રીતમની જપમાળ—એ રાગ.

ભગત જગત ઠગ થઇ નિજ સ્વાર્થમાં કોઇ રહે મન રાજી,
અવળી દુનીયાંની બાજી, સમભાજી આજી, (૨) જ્યાં ત્યાં;
. બકભકતો મત મતના કાજી, ભગત જગત ઠગ થઇ૦—એ ટેક.

સાખી— છાતીમાં કાતી રમે, મુખ મંગળ બગ ધ્યાન;
માળા કર લાંબા હૃદે, માયામાં મસ્તાન.
રામા રંગે રહે રાજી, મમતા મન ઝાજી. (૨) જયાં ત્યાં૦ 1

સાખી— ગપ્પા મારે વ્યાસજી, ગાન તાન ગુલતાન;
રાસલીલા છાની રમે, જેમ ગોપીમાં કા'ન.
ઠગમાં ઠગબાજી તાજી, ભોળા કહે હાજી. (૨) જ્યાં ત્યાં૦ ૨

સાખી— પરોપદેશે પંડિતો, જાય કુપંથે શ્વાન;
બુડે બુડાડે અન્યને, કાણી નાવ સમાન.
એવા ઉપદેશક પાજી, જનની જસ લાજી. (૨) જયાં ત્યાં૦ ૩

સાખી— સાચો બાહ્યાંતર રહી, દે સાચો ઉપદેશ;
સાંકળચંદ વિરલા જડે, રાગ દ્વેષ નહિ લેશ.
રહેણી કહેણી સૌ સાચી, જીતે ભવ બાજી. (૨) જયાં ત્યાં૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરોપદેશે પાંડિત્યમ્.

### લાવણી.

કોઇ પરને દે ઉપદેશ, ન ચાલે લેશ, જાય પતીયારો,
એ સત્ય સુધારો કે કુડો કુધારો. ટેક.
સૌ સ્વાર્થીઓ સંસાર, સકળ વ્યવહાર, સ્વાર્થથી ચાલે,
પરમાર્થ મિષે નિજ સ્વાર્થ સાધવા મ્હાલે;
કહે પુનર્લગ્ન આદરો, દુઃખ પરહરો, ગરીબ વિધવાનું,
લાકડે માંકડું જોડી દીઓ કોઇ છાનું;
નિજ ઘરમાં વિધવા રડે, ખુણામાં સડે, લક્ષ નહિ ચારો. એ સત્ય૦ ૧
કોઇ કુળાચાર પરહરે, પ્રગટ ઉચ્ચરે, પથ્થર નહિ પૂજો,
શું સરશે એથી કાજ દેવ કોઇ હુજો;
મૃત્તિકાની મૂર્તિ કરે, મંત્ર ઉચ્ચરે, પૂજે બગ ધ્યાને,
એ પ્રપંચ પાપીતણો ઠગે દુનીયાંને;
પોથીનાં રીંગણા તણી, વાત એ બણી, બોધ નહિ સારો. એ સત્ય૦ ૨
કહે દેશી કપડાં ધરો, ઉત્તેજન કરો, દેશ ધંધાને,
એ વાત ઘણી ઉપયોગી કહી બધાને;
પણ વસ્ત્ર વિદેશી ધરે, મોજમાં ફરે, ફીકર નહિ પરની,
એ શિક્ષા ગુણ કયમ કરે હુતાશ અંતરની;
સાંકળચંદ શિક્ષા ખરી, અમલમાં ધરી, આપજો ચારો,
એ નહિ કુધારો પણ સાચો સુધારો. ૩

## સદ્બોધ શિક્ષા.

( લખનાર—શાહ હકમચંદ વીરચંદલાલ. માણેકપુર. )

રાગ ઓધવજીના સંદેશાનો.

જૈન બંધુઓ શીખ સુણો સોહામણી, જિનવર ભાષિત ધર્મ તત્વ વિચાર જો;
સફળ કરો નરભવને શિવસુખ પામવા, મન વચ કાયે ધર્મ રયણ આધાર જો. ૧
દુઃખકારી જે વચનો મુખથી વારતાં, સમતા સાગરમાં સુખ અપરંપાર જો;
મિષ્ટ વચનથી વદીએ સહુને પ્રેમથી, ભ્રાતૃભાવે પ્રગટે સૌ વ્યવહાર જો. ૨
જળ બાદળ સમ અસ્થિર જીવિતને જાણીએ, સમજ્યા જ્ઞાની વૈરાગે રંગાય જો;
જુઠા જગ બંધનને બળથી તોડીએ, આત્મિક ધન મેળવીશું ગુણીજન ગાય જો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભયદાન આપીને જીવરક્ષા કરો, સુપાત્રાદિક દાન પાંચ પ્રકાર જો;
ભવદવ બળતાં રસ્તો સરલ એ સાચવી, બ્રહ્મચર્યાદિક મહાવ્રતનો વિચાર જો. ૪
ક્રોધાનળને અળગો કરીએ આપણે, તેના સંગે નીચ ગતિ લેવાય જો;
ચંડકોશીઓ મહા તપસી સાધુ હતો, ક્રોધ કરેથી ઝેરી સર્પ બનાય જો. ૫
લોભે લક્ષણ ચેતનજી જાશે વહ્યાં, લોભે લોભ કરે છે અતિ ઉત્પાત જો;
તૃષ્ણા તેના સાથ થકી છૂટે નહિ, લશ્કર જેનું ભારે વિપરીત વાત જો. ૬
સુભૂમ ચક્રી જે ષટ ખંડનો રાજીઓ, લોભે લુંટાણો ભર દરિયાની માંહિ જો;
રક્ષા કારણ દેવ તેના નહિ થયા, સપ્તમીએ પહોંચાડ્યો લોભે ક્યાંહિ જો. ૭
માન મહા વૈરીને વેગે વારીએ, અષ્ટ પ્રકારે ગણીઆ મદના ભેદ જો;
સનત ચક્રી સરીખા રૂપ રહિત થયા, મદ મૂકેથી મળે પરમ પદ ગેહ જો. ૮
કેવળ કમળા બાહુબળને આવતી, લઘુ બંધવને જઈ વંદુ હું કેમ જો;
ભગિની બ્રાહ્મી સુંદરીએ સમજાવતાં, માન ગયેથી ઝળહળ જ્યોતિ જેમ જો. ૯
કપટ કરેથી ચપટ થશો ઝટ વારમાં, બંધાતા નહિ જબરી માયા જાળ જો;
મલ્લી જિનવર તપ કરતાં ખમવું પડ્યું, મહિલા રૂપે શ્રી જિનવર અવતાર જો. ૧૦
અભ્યંતરના ચોર તમે દૂરે હરો, જેહ સંબંધે લખ ચોરાશી થાય જો;
બાહ્ય અભ્યંતર તપ જપ તેને આદરો, દાવાનળ દુઃખ સરવે દૂર પલાય જો. ૧૧
વ્રત પચ્ચખાણ કરો નિજ પૂરણ ભાવથી, સેવા ભક્તિ જંગમ સ્થાવર તીર્થ જો;
અનુમોદીએ શુભ કૃત્યો સર્વે સદા, જેથી આતમરામ રહે સુપવિત્ર જો. ૧૨
દુષ્ટ રિવાજો સાંસારીક દૂરે હરો, સાત વ્યસનથી પ્રાણી થાય ખુવાર જો;
ઉત્તેજન જાતિભાઈઓને આપવું, સગપણ સ્વામીભાઇતણું સચવાય જો. ૧૩
જ્ઞાન દાનનો ફેલાવો અધિકો કરો, જીર્ણ પુસ્તક ને વળી જીર્ણોદ્ધાર જો;
દેવદ્રવ્યાદિકના હિસાબો સાચવી, નિજ ગૃહની પેરે કરીએ સંભાળ જો. ૧૪
સર્વ જીવનું ભલું કરવા હૃદયે ધરો, રહો સાદા ને રાખો મન નરમાશ જો;
સમજુ ને નિર્લોભી આનંદે રહો, આળસ છોડી કરવા ઉદ્યમ ખાસ જો. ૧૫
પ્રમાણિકપણું રાખો ને સત્ય બોલવું, મન તનને વશ રાખી કરો રક્ષાય જો;
યથાશક્તિ ધર્મ દિલ ઉદારતા, સુશિલ થાતાં પળાય દશ શિક્ષાય જો. ૧૬
શિક્ષા સુંદર અચળ રહો અવની પરે, સ્મરણ કરંતાં ભાવ ભલો પ્રગટાય જો;
કર્પૂરવિજય પસાયે 'દિલખુશે' કહી, માણેકખુશે મન અતિ હરખાય જો. ૧૭

## શ્રી સમયસાર પ્રકરણ—ભાષાઅનુવાદ ( સરહસ્ય )

( લેખક:—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી )

( અનુસંધાન પૃષ્ટ ૨૧૭ થી. )

### અથ આશ્રવતત્ત્વ નિરૂપણ નામા ત્રીજો અધ્યાય.

શુભાશુભ કર્મ ( પુન્ય–પાપ ) ઉપાર્જન કરવામાં નિદાન ( કારણ ) રૂપ આશ્રવ કહેવાય છે. તે આશ્રવ ૪૨ પ્રકારના ( જ્ઞાનીઓએ ) કહ્યા છે. તે આ રીતે–૫ ઇન્દ્રિયો, ૪ કષાય, ૫ અવ્રતો, ૩ યોગ ( મન, વચન તથા કાયા ) અને ૨૫ ક્રિયાઓ. તેમાં ઇન્દ્રિયો–સ્પર્શન, રસનાદિક; કષાય–ક્રોધાદિક; અવ્રત–હિંસા, અસત્યાદિક; યોગ–મન વચન કાયાના વ્યાપાર રૂપ; ક્રિયાઓ–૧ કાયિકી, ૨ અધિકરણકી, ૩ પ્રદ્વેષકી, ૪ પારિતાપનિકી, ૫ પ્રાણાતિપાતિકી, ૬ આરંભિકી; ૭ પારિગ્રહિકી, ૮ માયાપ્રત્યયકી, ૯ મિથ્યા દર્શન પ્રત્યયકી, ૧૦ અપ્રત્યાખ્યાનકી, ૧૧ દષ્ટિકી, ૧૨ પૃષ્ટિકી અથવા સ્પૃષ્ટિકી, ૧૩ પ્રાતીત્યિકી, ૧૪ સામંતોપનિપાતિકી, ૧૫ નૈસૃષ્ટિકી, ૧૬ સ્વાહસ્તિકી, ૧૭ આજ્ઞાપનિકી, ૧૮ વૈદારણિકી અથવા વૈતારણિકી, ૧૯ અનાભોગપ્રત્યયિકી, ૨૦ અનવકાંક્ષાપ્રત્યયિકી, ૨૧ પ્રાયોગિકી, ૨૨ સમાદાનિકી, ૨૩ પ્રેમિકી, ૨૪ દ્વૈષિકી, ૨૫ ઐર્યાપથિકી.*

---

* આ ૨૫ ક્રિયાનો સંક્ષિપ્તાર્થ આ પ્રમાણે–કાયાને અજયણાએ પ્રવર્તાવતાં લાગે તે કાયિકી ૧, ખડ્‌ગાદિક શસ્ત્રોને વિષે મુષ્ટિ વિગેરેનું જોડવું તે અધિકરણિકી ૨, જીવાજીવ વિષય દ્વેષ કરવાથી પ્રાદ્વેષિકી ૩, પુત્રકલત્રાદિના વિયોગ દુઃખથી હૃદયતાડન શીરસ્ફોટનાદિ કરવું, અથવા પરને પરિતાપ ઉપજાવવો તે પારિતાપનિકી ૪, સ્વર્ગાદિ નિમિત્તે પોતાના અથવા ક્રોધ લોભાદિ વડે પરના પ્રાણનો વિયોગ કરાવવો તે પ્રાણાતિપાતિકી ૫, જીવાજીવ સંબંધી આરંભ કરવો તે આરંભિકી ૬, જીવાજીવ વિષય પરિગ્રહથી થાય તે પારિગ્રહિકી ૭, પરને ઠગવાથી માયા પ્રત્યયિકી ૮, જિનવચનમાં અશ્રદ્ધા કરવાથી મિથ્યાદર્શન પ્રત્યયિકી ૯, સંયમાદિનો વિઘાત કરનારા કષાયાદિને ન તજવાથી અપ્રત્યાખ્યાનિકી ૧૦, જીવાજીવાદિ પદાર્થોને કુતુહળવડે જોવાથી દષ્ટિકી ૧૧, રાગ-દ્વેષાદિવડે જીવાજીવ સ્વરૂપ પૂછવાથી પૃષ્ટિકી અથવા રાગાદિવડે સ્ત્રીયાદિકને સ્પર્શ કરવાથી સ્પૃષ્ટિકી ૧૨, જીવાજીવને આશ્રીને કર્મબંધ થાય તે પ્રાતિત્યકી ૧૩, પોતાના ગાય અશ્વાદિકની કોઈ પ્રશંસા કરે તેથી રાજી થવું તે સામંતોપનિપાતિકી ૧૪, રાજાદિકના આદેશથી મનુષ્યાદિ જીવોનું અથવા પાષાણાદિ અજીવોનું યંત્રો વડે નિસર્જન કરવું તે નૈસૃષ્ટિકી ૧૫, પોતાને હાથે જીવાજીવને તાડના કરવાથી સ્વાહસ્તિકી ૧૬, જીવાજીવને આજ્ઞા કરવાથી આજ્ઞાપનિકી ૧૭, જીવાજીવનું વિદારણ કરવાથી વૈદારણિકી અથવા જીવાજીવના વિક્રયમાં પરને ઠગવાથી વૈતારણિકી ૧૮, અપ્રમાર્જિત પ્રદેશમાં શરીર ઉપકરણાદિ મૂકવાથી અનાભોગ પ્રત્યયિકી ૧૯, ઇહપરલોક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સામાન્ય રીતે કર્મ આગમન નિદાનરૂપ આશ્રવો પ્રરૂપ્યા. હવે વિશેષે જ્ઞાનાવરણીયાદિ કર્મ સંબંધી–આશ્રવો સંબંધી વર્ણન કરે છે.( જ્ઞાન–જ્ઞાની પ્રત્યે ) પ્રદ્વેષ, અપલાપ,× મચ્છર,+ ( ભાતપાણીનો ) અંતરાય, અવિનયાદિ આશાતના અને ઉપઘાત ( મારણાદિ ) એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવ સમજવા. ( અર્થાત્ જ્ઞાનીનો પ્રદ્વેષ, અપલાપાદિ કરવાથી ઉક્ત બંને કર્મ બંધાય છે. ) દેવપૂજા, ગુરૂભક્તિ, સરાગ સંજમ, દેશવિરતિ સંજમ, પાત્રદાન, દયા, ક્ષમા, બાળ ( અજ્ઞાન ) તપ અને અકામ નિર્જરાથી[1] શાતા વેદનીય કર્મ બંધાય છે, તેથી ઉક્ત દેવપૂજાદિક શાતા વેદનીયના આશ્રવ લેખાય. દુ:ખ, શોક, સંતાપ, આક્રંદન, વધ અને અફસોસ ( સ્વપર ઉભય સંબંધી ) એ બાધાય અશાતા વેદનીય કર્મના આશ્રવ જાણવા.

કેવળી, શ્રુત, સંઘ, તીર્થંકર: અને ધર્મ સંબંધી અવર્ણવાદ ( નિંદા ), ઉન્માર્ગદેશના અને સન્માર્ગ લોપન એ દર્શન મોહનીય કર્મના આશ્રવ છે. ક્રોધાદિક કષાયના ઉદયથી સંક્લિષ્ટ પરિણામ થાય તે ચારિત્રમોહનીય કર્મના આશ્રવ જાણવા.

પંચેન્દ્રિય વધ, માંસાહાર, અને બહુ આરંભ પરિગ્રહ એ નારકીના આયુષ્ય સંબંધી આશ્રવ જાણવા.

આર્ત્તધ્યાન, સશલ્યપણું[2] અને ગૂઢ ચિત્તપણું[3] એ તિર્યંચ આયુષ્યના આશ્રવ છે.

અલ્પ આરંભ–પરિગ્રહપણું, મૃદુતા ( નરમાશ ), સરલતા અને અતિ ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ નહિ એવા મધ્યમ પરિણામ એ મનુષ્ય આયુષ્યના આશ્રવ છે.

સરાગ સંજમ,[4] દેશ વિરતિ સંજમ, અકામ નિર્જરા, બાળ ( મિથ્યાત્વ

---

વિરૂદ્ધ કાર્યના સેવનથી અનવકાંક્ષ પ્રત્યયિકી ૨૦, મન વચન કાયાવડે સાવદ્ય કાર્ય કરવાથી પ્રાયોગિકી ૨૧, આઠે પ્રકારના કર્મ સમકાળે બાંધવાથી સમાદાનિકી ૨૨, માયાલોભનિશ્રિત અથવા રાગોત્પાદક વચન બોલવાથી પ્રેમિકી, ૨૩, ક્રોધમાનનિશ્રિત અથવા કોઇની ઉપર દ્વેષ કરવાથી દ્વેષિકી ૨૪, અકષાયી એવા ઉપશાંતમોહાદિકને માત્ર બે સમયની સ્થિતિના કર્મ માત્ર કાયયોગવડે જે બંધાય તે ઐર્યાપથિકી ૨૫.

× જ્ઞાની ગુરૂ વિગેરેનું નામ ગોપવવું–ઢાંકવું–પ્રકાશવું નહિં તે. + તેમનો ગુણગૌરવ સહી ન શકાય તે, તેમની પૂજા–ભક્તિ થતી જોઇને મનમાં ખેદ ધરી બળવું તે.

૧ ક્ષુધા, તૃષા, વધ, બંધનાદિક વડે ઇચ્છા વગર જે કર્મ નિર્જરા થાય તે.

૨ મૂળ ઉત્તર ગુણમાં લાગેલા અતિચારાદિ દોષની આલોચના નિંદા ન કરવી તે.

૩ ઉદાયી રાજાનું ખુન કરનારની પેરે જેના મનનો ગૂઢ અભિપ્રાય કળાય જ નહિ તે.

૪ સંજ્વલન કષાયનો જેમાં ઉદય વર્તે છે તે. ( વીતરાગ સંયમ નહિ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકૃત ) તથા ઉત્તમ સંત સાધુનો સમાગમ અને સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ એ દેવ આયુષ્યના આશ્રવ જાણવા.

સરલપણું, હલકીરૂપણું, સાધર્મિક ભક્તિ અને ક્ષમા શુભ નામકર્મના આશ્રવ છે. તેથી વિપરીત–માયાવીપણું વિગેરે અશુભ નામકર્મના આશ્રવ છે. અરિહંત વાત્સલ્ય ( દેવભક્તિ ) પ્રમુખ વીશ સ્થાનકો તીર્થંકર નામકર્મના આશ્રવ છે.

મદ–અભિમાન રહિતપણું, વિનીતપણું–નમ્રતા, અને ગુણવંતની પ્રશંસાવડે ઉચ્ચ ગોત્ર અને એથી વિપરીત વર્તનથી નીચ ગોત્ર કર્મ બંધાય છે. તેથી તે તે ઉચ્ચ–નીચ ગોત્ર કર્મના આશ્રવ છે. જિનપૂજામાં અંતરાય કરવો, જીવહિંસાદિકમાં તત્પર રહેવું એ અંતરાય કર્મના આશ્રવ જાણવા. પૂર્વોક્ત પ્રતિકર્મ ( એક એક કર્મ આશ્રી ) પ્રતિનિયત ( ચોક્કસ ) આશ્રવો સ્થિતિબંધ અને રસબંધની અપેક્ષાએ સમજવા; પ્રકૃતિબંધ અને પ્રદેશબંધની અપેક્ષાએ તો સામાન્ય રીતે પૂર્વોક્ત સર્વે સર્વ કર્મના આશ્રવ હોઈ શકે છે. કેમકે સિદ્ધાન્તમાં આઠ પ્રકારનો, સાત પ્રકારનો, છ પ્રકારનો અથવા એક પ્રકારનો બંધ કહેલો છે. પરંતુ પ્રતિનિયત કર્મનો બંધ કહેલો નથી. તેમાં મિશ્રગુણસ્થાનક વર્જિત મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડી અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત આયુષ્ય બંધ હોય તે સમયે અષ્ટવિધ ( આઠે ) કર્મનો બંધ અને આયુષ્ય બંધ સિવાયનો સપ્તવિધ ( સાત ) કર્મનો બંધ કહ્યો છે. મિશ્ર, નિવૃત્તિ બાદર અને અનિવૃત્તિ બાદર એ ત્રણ ગુણસ્થાનકે સાત પ્રકારનો કર્મબંધ; સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે મોહનીયકર્મ અને આયુષ્યકર્મ સિવાય છ પ્રકારનો કર્મબંધ; ઉપશાન્ત મોહ, ક્ષીણ મોહ અને સયોગી ગુણસ્થાનકે કેવળ એક સાતા વેદનીયનો જ બંધ હોવાથી એક કર્મનો જ બંધ; અને અયોગી કેવળીને કોઈપણ કર્મના બંધનો અભાવ હોવાથી અબંધક કહેલા છે.

એ રીતે આશ્રવ તત્ત્વ નિરૂપણનામા સમયસાર પ્રકરણનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ થયો.

---

હવે બંધતત્ત્વ નિરૂપણનામા ચોથો અધ્યાય કહે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને મન વચન કાયના યોગ રૂપ બંધ હેતુઓવડે જીવનો કર્મપુદ્ગલો સંગાતે સંબંધ થાય તે બંધ કહેવાય છે. તે બંધ ચાર પ્રકારનો છે. ૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ રસબંધ, અને ૪ પ્રદેશબંધ. તેમાં જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય કર્મોનો જે જ્ઞાન–આચ્છાદનાદિક સ્વભાવ તે પ્રકૃતિબંધ; કર્મનાં દળીયા સંબંધી કાળ નિર્માણ તે સ્થિતિબંધ; તે આવી રીતે–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરાય એ ચારે કર્મની પ્રત્યેકે ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડ સાગરોપમની, મોહનીય કર્મની ૭૦ કોડાકોડ સાગરોપમની, નામ અને ગોત્રકર્મની ૨૦ કોડાકોડ સાગરોપમની અને આયુષ્ય કર્મની તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય સ્થિતિ વેદનીય કર્મની બાર મુહૂર્તની, નામ ગોત્રની આઠ આઠ મુહૂર્તની અને બાકીનાં કર્મોની અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ જાણવી. દેવ, મનુષ્ય અને તિર્યંચ આયુ વર્જીને શુભાશુભ સર્વ કર્મ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ અતિ સંક્લેશવડે બંધાય છે અને જઘન્ય સ્થિતિ ( પરિણામની ) વિશુદ્ધિવડે બંધાય છે.

અનુભાગ, અનુભાવ, વિપાક અને રસ એ બધાય એક અર્થવાળા પર્યાય શબ્દો છે. તે રસ–વિપાક અશુભ કર્મ–પ્રકૃતિઓનો લીમડાની જેવો અશુભ અને શુભ પ્રકૃતિઓનો શેલડીની જેવો શુભ છે. તેથી શાસ્ત્રકાર કર્મપ્રકૃતિઓના શુભાશુભ વિભાગ બતાવે છે–૧ શાતાવેદનીય, ૩ દેવ મનુષ્ય અને તિર્યંચનાં આયુષ્ય, ૧ ઉચ્ચ ગોત્ર તથા નામકર્મની ૩૭ પ્રકૃતિઓ–મનુષ્યગતિ અને આનુપૂર્વી ( ૨ ) દેવગતિ અને આનુપૂર્વી ( ૪ ), પચેન્દ્રિય જાતિ ( ૫ ), ઔદારિકાદિક પાંચ+ શરીર (૧૦) પ્રથમના ત્રણ શરીરના÷ ત્રણ અંગોપાંગ ( ૧૩ ) પ્રથમ સંઘયણ* ( ૧૪ ) પ્રથમ સંસ્થાન§ ( ૧૫ ) શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ( ૧૯ ), શુભ વિહાયોગતિ (૨૦), અગુરૂલઘુ (૨૧), પરાઘાત (૨૨), ઉશ્વાસ (૨૩), આતપ (૨૪), ઉદ્યોત (૨૫), નિર્માણ (૨૬), તીર્થંકર (૨૭), અને ત્રસદશકો+ (૩૭) એ ૪૨ પુન્ય (શુભ) પ્રકૃતિઓ પ્રસિદ્ધ છે. હવે ૮૨ ( અશુભ ) પાપ પ્રકૃતિઓ વર્ણવે છે.

પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીયના બંધનો અભાવ હોવાથી બાકીની ૨૬ મોહનીય પ્રકૃતિ, પાંચ અંતરાય એ રીતે ૪૫ પ્રકૃતિઓ ચાર ઘાતિકર્મની કહી; અને અશાતાવેદનીય, નારકીનું આયુષ્ય, નીચ ગોત્ર અને ૩૪ નામકર્મની પ્રકૃતિ, તિર્યંચગતિ અને આનુપૂર્વી (૨), નરકગતિ અને આનુપૂર્વી (૪), એકેન્દ્રિયાદિ ચાર જાતિ (૮), પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ (૧૩), પાંચ સંસ્થાન (૧૮), અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ (૨૨), અશુભ વિહાયોગતિ

---

+ ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ.

÷ ઔદારિક, વૈક્રિય અને આહારકના અનુક્રમે ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગ જાણવા.

* વજ્રઋષભનારાચ. § સમચતુરસ્ર.

+ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ ( સૌભાગ્ય ), સુસ્વર, આદેય, અને યશ નામ કર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૩) ઉપઘાત (૨૪) અને સ્થાવરદશકો*.(૩૪) એ રીતે સર્વે મળીને ૮૨ અશુભ (પાપ) પ્રકૃતિઓ કહેવાય છે,

લીમડાનો તથા શેલડી પ્રમુખનો સ્વાભાવિક રસ એક ઠાણીઓ લેખાય અને તે રસ બે ત્રણ ચાર ભાગ પ્રમાણ કઢાયે છતે એક ભાગ અવશેષ રહ્યે છતે બે ઠાણીઓ વિગેરે કહેવાય. એ ઉપમાં પ્રકૃતિના રસની જાણવી.

પર્વત અને ભુમિની ફાટ, વેળુ અને જળમાંની રેખા સમાન કષાયોવડે અશુભ કર્મોનો અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક ઠાણીઓ રસ બંધાય છે, ત્યારે શુભ કર્મોનો રસ વેળુ અને જળરેખા સમાન કષાયવડે (વિશુદ્ધ પરિણામે) ચઉઠાણીયો, ભૂમિફાટ સમાન કષાયવડે ( મધ્યમ પરિણામે ) ત્રણ ઠાણીયો અને પર્વતની ફાટ સમાન કષાયવડે બે ઠાણીયો બંધાય છે. એક ઠાણીયો શુભ રસ બંધાતો નથી; ૨-૩-૪ ઠાણીયોજ બંધાય છે.

ચાર સંજ્વલન (કષાય), પાંચ અંતરાય ( દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય અંતરાય ), પુરૂષવેદ, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનના આવરણ, ચક્ષુ-અચક્ષુ -અવધિદર્શનના આવરણરૂપ ૧૭ પ્રકૃતિઓ ૧-૨-૩-૪ સ્થાનિક રસવાળી અને બાકીની શુભ તેમજ અશુભ પ્રકૃતિઓ ૨-૩-૪ સ્થાનિક રસવાળી કહી છે.

સંક્લેશ ( મલીન અધ્યવસાય ) વડે અશુભ પ્રકૃતિઓનો તીવ્ર ( આકરો ) રસ થાય છે અને અધ્યવસાયની શુદ્ધિ થતાં મંદ રસ થાય છે. શુભ પ્રકૃતિઓનો તો અધ્યવસાયની શુદ્ધિવડે તીવ્ર રસ થાય છે અને અધ્યવસાયની મલીનતા થતાં તે રસ મંદ પડી જાય છે.

પ્રદેશ બંધ તે કર્મવર્ગણાનાં દળીયાં (ગોઠવવા) રૂપ સમજવો.

આ પારાવાર સંસારમાં ભમતાં જીવ પોતાના સર્વ ( લોકાકાશ પ્રમાણ અસંખ્ય ) પ્રદેશોવડે, અભવ્યોથી અનંત ગુણા પ્રદેશ-દળથી બનેલા અને સર્વ જીવથી અનંતગુણા રસચ્છેદે કરી યુકત, સ્વપ્રદેશમાંજ રહેલા ( બહારના નહિ ), અભવ્યોથી અનંતગુણા ( અને સિદ્ધથી અનંતમા ભાગના ) કર્મ વર્ગણાના સ્કંધો પ્રતિસમય ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તેમાંથી થોડાં દળીયાં આયુકર્મને, તેથી

* સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ (દૌર્ભાગ્ય), દુઃસ્વર, અનાદેય અને અપયશ નામકર્મ એ સ્થાવરદશકો જાણવો.

† સહજ રસ ( કઢ્યા વગરનો મીઠો કે કડવો ) એક ઠાણીયો, તેનેજ કઢતાં અર્ધો બાકી રહે તે બે ઠાણીયો, બે ભાગ બળી જાય ત્રીજો ભાગ શેષ ( બાકી રહે ) એવો રસ ત્રણ ઠાણીયો અને ત્રણ ભાગ બળી જાય ચોથો ભાગ બાકી રહે તે ચોઠાણીયો જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષાધિક અને પરસ્પર તુલ્ય દળીયાં નામ અને ગોત્રકર્મને, તેથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય દળીયાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મને, તેથી વિશેષાધિક મોહનીય કર્મને અને તેથી વિશેષાધિક વેદનીય કર્મને વહેંચી આપી નિજ આત્મપ્રદેશમાં ક્ષીર નીરની પેરે અથવા લોહ અગ્નિની પેરે તે કર્મવર્ગણાના સ્કંધો સાથે મળી જાય છે.

કર્મદળીયાંની આ આઠ ભાગની કલ્પના અષ્ટવિધ કર્મબંધકો આશ્રી સમજવી. સાત, છ અને એકવિધ બંધકોને વિષે તેટલાજ ભાગની કલ્પના કરવી. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધના હેતુ ( મન, વચન અને કાયાના ) યોગ જાણવા. સ્થિતિબંધ અને રસબંધના હેતુ ક્રોધાદિક કષાયો જાણવા. તેમજ વળી ‡ સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એ રીતે પણ ચાર પ્રકારનો બંધ શાસ્ત્રમાં કહેલો છે. ઇતિ બંધવિચાર.

એ રીતે બંધતત્ત્વ નિરૂપણનામા સમયસારનો ચોથો અધ્યાય પૂર્ણ થયો.

---

હવે સંવરતત્ત્વ નિરૂપણનામા **પંચમ અધ્યાય** વખાણે છે—

આશ્રવોનો નિરોધ કરવો તે **સંવર** કહ્યો છે. સમિતિ, ગુપ્તિ, પરીસહ, યતિધર્મ, ભાવનાઓ અને ચારિત્રવડે કર્મપુદ્ગલ ગ્રહણ કરવાનો નિરોધ ( અટકાવ ) થવાથી તે **સંવર સત્તાવન પ્રકારનો થાય છે.** તેમાં ઇર્યાદિક સમિતિ[1] પાંચ; મન, વચન, કાયાના યોગ (વ્યાપાર) નિગ્રહરૂપ ગુપ્તિઓ[2] ત્રણ; ક્ષુધાદિક પરીસહો બાવીશ; ક્ષમા પ્રમુખ યતિધર્મ દશવિધ; અનિત્યાદિક ભાવનાઓ બાર; અને સામાયકાદિ[3] ચારિત્ર પાંચ, **એ રીતે સંવરતત્ત્વ નિરૂપણનામા સમયસારનો પાંચમો અધ્યાય કહ્યો.**

---

હવે નિર્જરાતત્ત્વ નિરૂપણનામા સમયસારનો છઠ્ઠો અધ્યાય કહે છે—

ભોગવાઇ ગયેલા કર્મપુદ્ગલોનું પરિશાટન થવું ( ખરી જવું ) તે નિર્જરા કહેવાય છે. તે બે પ્રકારની ૧ સકામ, ૨ અકામ ભેદે કરીને જાણવી. તેમાં અકામ[4] નિર્જરા સર્વ જીવોને હોય તે આ રીતે-એકેન્દ્રિયાદિક તિર્યંચો યથાસંભવ છેદન-

‡ છુટી સોયો, સૂત્રથી બાંધેલી સોયો, લોહાના બંધનથી બાંધેલી સોયો અને હથોડે ટીપી નાંખેલી સોયોની પેરે.

૧ ઇર્યા—ગમનાગમન, ભાષા, એષણા, આદાન નિક્ષેપ અને મળોત્સર્ગ પ્રસંગે ઉપયોગ સહિત પ્રવર્તન. ૨ અસત્ યોગનો નિગ્રહ અને સત્ (કુશળ) યોગનું ઉદીરણ. ૩ સામાયિક, છેદોપ સ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત. ૪ અકામ—ઇચ્છા વગર કષ્ટાદિ સહન કરતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદન, શીત, તાપ, વર્ષાજળ, અગ્નિ, ક્ષુધા, તૃષા, ચાબુક અને અંકુશાદિવડે; નારકી ( નરકના ) જીવો ત્રણ પ્રકારની[5] વેદનાવડે; મનુષ્યો ક્ષુધા, તૃષા, આધિ, દાલિદ્ર અને બંધીખાનાદિકવડે; અને દેવતાઓ પરવશતા અને કિલ્બિષપણાદિકવડે અશાતા વેદનીય કર્મને અનુભવી (ભોગવી) ખપાવે છે. તેથી તેમને અકામનિર્જરા જાણવી. સકામનિર્જરા તો અનશન[6], ઉણોદરી[7], ભિક્ષાચર્યા ( વૃત્તિ સંક્ષેપ ), રસત્યાગ, કાયક્લેશ ( લોચાદિકવડે દેહદમન ) અને પ્રતિસંલીનતા ( કાચબાની પેરે અંગોપાંગને સંકોચી રાખવા ) એ છ પ્રકારના બાહ્યતપ તથા પ્રાયશ્ચિત્ત[8], વિનય, વૈયાવચ્ચ, સઝાય, ધ્યાન અને વ્યુત્સર્ગ[9] એ છ પ્રકારના અભ્યંતર તપને તપતાં નિર્જરાભિલાષીને થવા પામે. એ રીતે નિર્જરાતત્ત્વ નિરૂપણનામા સમયસાર પ્રકરણનો છઠ્ઠો અધ્યાય થયો.

---

## અથ મોક્ષતત્ત્વ નિરૂપણનામા સપ્તમ અધ્યાય.

( જ્ઞાનાવરણાદિ ) ચાર ઘાતિકર્મના ( સર્વથા ) ક્ષયવડે કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્તને સમસ્ત કર્મનો ક્ષય થયે **મોક્ષ** કહ્યો છે. ક્ષીણકર્માઓ ગૌરવ (ભારેપણા) ના અભાવે નીચા જતા નથી; યોગ પ્રયોગના અભાવથી તીર્છા જતા નથી, પરંતુ નિઃસંગતાથી મળ-લેપ વગરના તુંબડાની પેરે, કર્મ-બંધનના છેદાવાથી એરંડના ફળની પેરે, પૂર્વ પ્રયોગથી ધનુષ્યમાંથી છૂટેલા બાણની પેરે તથા ગતિ પરિણામથી ધૂમાડાની પેરે ઉંચા (ઉર્ધ્વગતિએ) જ જાય છે અને લોક (આકાશ) ના અંતે રહે છે. ધર્માસ્તિકાયના અભાવથી આગળ (અલોકમાં) ગતિ (ગમન) થવા પામે નહિ. ( તેથી ) ત્યાંજ ( લોકના અગ્રભાગે જ ) રહ્યા છતા શાશ્વત-નિરૂપમ-સ્વાભાવિક સુખને અનુભવે છે. સુર અસુર અને મનુષ્ય સંબંધી સર્વ કાળનાં એકઠાં કરેલાં સુખો સિદ્ધ ભગવાનના સુખના અનંતમા ભાગે આવતાં નથી. ( સિદ્ધ ભગવાનનું સુખ અનંત છે-વચન અગોચર છે. ) સંતપદ પ્રરૂપણાદિક નવ અનુયોગદ્વારોવડે તે સિદ્ધોની વ્યાખ્યા કરવી. એ રીતે મોક્ષતત્ત્વ નિરૂપણનામા સમયસારનો સાતમો અધ્યાય થયો.

અપૂર્ણ.

---

૫ નરકક્ષેત્રજન્ય, અન્ય ઉદીરિત અને પરમાધામી કૃત. ૬ છઠ્ઠ અઠ્ઠમાદિ. ૭ જરૂર કરતાં ઓછો આહાર કરવો તે. ૮ પાપ આલોચના ( આલોયણ ). ૯ દેહાદિક મમત્વ ત્યાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# बुद्धिस्वरूप.

પાંચ જ્ઞાનમાં પ્રથમ પદ ધરાવનારા મતિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે. શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત. શ્રુતનિશ્રિતમાં અવગ્રહાદિ ૨૮ ભેદનો સમાવેશ કરવામાં આવ્યો છે. અશ્રુતનિશ્રિતમાં ચાર પ્રકારની બુદ્ધિ કહેલી છે. ૧ ઔત્પાતિકી, ૨ વિનયિકી, ૩ કાર્મણુકી, ૪ પારિણામિકી. આ ચાર પ્રકારની બુદ્ધિને માટે તાત્કાલિક શ્રુતજ્ઞાનની અપેક્ષા નથી, પરંતુ પૂર્વભવાશ્રયી શ્રુતનો નિષેધ નથી. આવી બુદ્ધિ પ્રાપ્ત કરવાના ઇચ્છકને તેવી બુદ્ધિવાળાના ઉદાહરણો આનંદ આપનારા થઇ પડે છે. તેથી તે અહીં શ્રી નંદીસૂત્રની ટીકામાંથી આપવામાં આવ્યા છે.

## ઔત્પત્તિકી બુદ્ધિ વિષે ઉદાહરણો.

**भरहसिल १ पणिय २ रुक्खे ३ खुड्डग ४ पड ५ सरड ६ काग ७ उच्चारे ८ ।**
**गय ९ घयण १० गोल ११ खंभे १२ खुड्डग १३ मग्गि १४ त्थि १५ पइ १६ पुत्ते १७ ॥**

આ પ્રથમ ગાથામાં જણાવેલા ૧૭ ઉદાહરણોનો ભાવાર્થ કથાઓથી જાણી શકાય તેમ છે. તે કથાઓ વિસ્તારથી કહેતાં ગ્રન્થ ઘણો મોટો થઇ જાય તેથી અહીં સંક્ષેપથી કહેલ છે. તેમાં भरहसिल શબ્દે ભરત નટુવાના પુત્ર રોહકનું દષ્ટાંત સમજવું તે આ પ્રમાણે—

## ૧ રોહકનું દષ્ટાંત.

**भरह १ शिल २ मिंढ ३ कुक्कुड ४ तिलवालुअ ५ हत्थि ६ अगड ७ वणसंडे ८ ।**
**पायस ९ अइआ १० पत्ते ११ खाडहिला १२ पंचपिअरो १३ अ ॥ २ ॥**

અર્થ—રોહકના દષ્ટાંતની અંતર્ગત તેની ઔત્પાતિકી બુદ્ધિના ૧૩ દષ્ટાંતો છે તે આ પ્રમાણે–ભરત ૧, શિલા ૨, ઘેટો ૩, કુકડો ૪, વેળુના દોરડાં ૫, હાથી ૬, કુવો ૭, વન ૮, ખીર ૯, બકરી ૧૦, પાંદડાં ૧૧, ખીસકોલી ૧૨ અને પાંચ પિતા ૧૩.

ઉજ્જયિની નામની નગરી છે. તેની સમીપે નટોનું એક ગામ છે. તેમાં ભરત નામે એક નટ રહેતો હતો. તેની ભાર્યા મરણ પામી. તેને રોહક નામે એક પુત્ર હતો. તે નાની ઉમરનો હતો, તેથી પોતાની અને પુત્રની સેવાને માટે ભરત બીજી સ્ત્રી પરણ્યો. તે સ્ત્રી રોહક ઉપર પ્રેમભાવથી વર્તવા ન લાગી. તેથી એક દિવસ રોહકે તેને કહ્યું કે—"હે માતા! તું મારી સાથે સારી રીતે વર્તતી નથી, તેથી હું તને તેનું ફળ બતાવીશ." તે સાંભળીને તે ઇર્ષ્યાથી બોલી કે–"હે રોહક! તું બાળક મને શું કરીશ?" રોહકે કહ્યું કે–"હું એવું કરીશ કે જેથી તું મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગમાં આવીને પડીશ." ત્યારે તે તેની અવગણના કરીને મૌન રહી. ત્યારથી રાહકને પણ અપરમાતાને શિક્ષા કરવાનો અત્યંત આગ્રહ થયો. તેથી એક વખત રાત્રીએ તેણે એકદમ પોતાના પિતાને કહ્યું કે–" હે પિતા ! જુઓ, જુઓ, આ ગોહો[1] નાશી જાય છે." આ પ્રમાણે તે બાળકનું વચન સાંભળીને તેના પિતાને શંકા ઉત્પન્ન થઈ કે–" જરૂર મારી ભાર્યા દુઃશીલા છે." આવી શંકાને લીધે તેણીને વિષે ભરતની પ્રીતિ શિથિલ થઇ. તેથી તે તેણીની સાથે બરાબર પ્રીતિથી બોલે પણ નહીં, અને તેણીને પુષ્પ, તાંબુલ વિગેરે કાંઇ લાવી પણ આપે નહીં, તો પછી સાથે શયનાદિક તો ક્યાંથી જ હોય. આ પ્રમાણે થવાથી તેણીએ વિચાર કર્યો કે– " ખરેખર આ સર્વ બાળકની જ ઉત્પન્ન કરેલી ચેષ્ટા ( કૃત્ય ) છે, નહીંતો આ મારા પતિ એકદમ મારા દોષ વિના મારાથી પરાઙ્મુખ કેમ થાય ?" પછી તેણીએ બાળકને કહ્યું કે–" હે પુત્ર રોહક ! તેં શી ચેષ્ટા કરી કે જેથી તારા પિતા હમણાં મારાથી પરાઙ્મુખ થઇ ગયા છે ?" રોહક બોલ્યો કે–" તું મારી સાથે બરાબર વર્તતી નથી તેનું એ ફળ છે." તેણીએ કહ્યું–" હવેથી હું સારી રીતે વર્તીશ." રોહક બોલ્યો.–" ઠીક છે ત્યારે, હવે તું ખેદ કરીશ નહીં, મારા પિતા પહેલાંની જ જેમ તારી સાથે વર્તે તેમ હું કરીશ." ત્યારથી અપરમાતા તેની સાથે સારી રીતે વર્તવા લાગી. એટલે એકદા રોહકે રાત્રીએ ચંદ્રની જ્યોત્સ્નાનો પ્રકાશ હતો તે વખતે પિતાની પૂર્વની શંકાનો નાશ કરવા માટે બાલ્યાવસ્થાને યોગ્ય ચેષ્ટાથી પોતાના શરીરની છાયાને આંગળીવડે દેખાડીને કહ્યું કે–" હે પિતા ! આ ગોહો જાય ! ગોહો જાય !" તે સાંભળીને તેનો પિતા પરપુરૂષનો પ્રવેશ સમજીને મિયાનમાંથી ખડ્ગ કાઢીને દોડ્યો, અને પુત્રને પૂછ્યું કે–" હે વત્સ ! બતાવ, ક્યાં છે ?" ત્યારે રોહક બાળચેષ્ટાને પ્રગટ કરતો આંગળીવડે પોતાની છાયા બતાવીને બોલ્યો કે–" હે પિતા ! આ ગોહો જાય." તે જોઇને તેનો પિતા લજ્જા પામીને પાછો વળ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે–" પ્રથમનો પુરૂષ પણ આવો જ હશે, તેથી એક બાળકના વચનથી વિપરીત સંભાવના કરીને મેં આટલા વખત સુધી મારી ભાર્યા ઉપર અપ્રિય વર્તણુક કરી તે ઠીક કર્યું નહીં." એ રીતે પશ્ચાત્તાપ કરીને તે પોતાની સ્ત્રીને વિષે પાછો ગાઢ અનુરાગી થયો.[2]

હવે રોહકે વિચાર્યું કે—" મેં મારી માતાનું વિપ્રિય કર્યું છે, તેથી તે કદાચિત્ મને વિષાદિક આપીને મારી નાંખશે, તેથી તેનો વિશ્વાસ કરવો નહીં."

૧ નાના બાળકો બાઉ, બાઘડો વિગેરે શબ્દો બોલે છે તે.

૨ અહીં સુધી રોહકે પોતાની અપરમાતાને ઠેકાણે લાવવા પોતાના પિતા ભરતની સાથે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો તે પહેલું દૃષ્ટાંત જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ વિચારીને નિરંતર તે પોતાના પિતાની સાથેજ ભોજન કરવા લાગ્યો. કોઈપણ વખતે એકલો જમતો નહીં. એકદા તે રોહક પોતાના પિતા સાથે ઉજ્જયિની નગરીમાં ગયો. તેણે દેવપુરીની જેવી તે ઉજ્જયિનીને વિસ્મય સહિત જોઇને આખી નગરી યથાર્થ રીતે પોતાના મનમાં ધારી લીધી. પછી પિતાની સાથે તે નગરીથી પોતાને ગામ જવા ચાલ્યો. તેવામાં તેનો પિતા 'હું કાંઈક ચીજ ભૂલી ગયો છું તે લઇ આવું' એમ કહી રોહકને સિપ્રા નદીને કાંઠે એકલો મૂકી ભૂલી ગયેલ વસ્તુ લાવવા તે ફરીથી નગરીમાં ગયો. અહીં રોહકે સિપ્રા નદીની રેતીમાં બાળ ચપળતાએ કરીને કિલ્લા સહિત આખી નગરી આળેખી. એવામાં અશ્વક્રિડાએ નીકળેલો તે નગરીનો રાજા અશ્વને ચલાવતો તે રસ્તે થઇને નીકળ્યો. પોતે આળેખેલી નગરીની વચ્ચે થઇને જતા તેમને જોઇને રોહકે કહ્યું કે—"હે રાજપુત્ર! તમે આ રસ્તે ન ચાલો." રાજાએ પૂછ્યું—"કેમ?" રોહક બોલ્યો—"શું તમે આ રાજમહેલ વિગેરે નથી જોતા? તે બધું ભુંસાઈ જાય છે." તે સાંભળીને રાજાએ કૌતુકથી નીચે દૃષ્ટિ કરી તો આખી નગરી યથાર્થ રીતે આળેખેલી જોઇ. પછી રાજાએ તે બાળકને પૂછ્યું કે—"હે બાળક! આ નગરી તેં પહેલાં કોઈ વખત જોઈ હતી કે આજે જ જોઇ?" રોહક બોલ્યો કે—"કોઇપણ વખત જોઈ નથી, આજે જ મારા ગામથી હું અહીં આવ્યો છું." તે સાંભળીને રાજા વિચાર કરવા લાગ્યો કે—"અહો! આ બાળકની બુદ્ધિ કેવી ચમત્કારી છે?" પછી તેણે રોહકને પૂછ્યું કે—"હે વત્સ! તારૂં નામ શું છે? અને તારૂં ગામ કયું છે?" તેણે કહ્યું કે—"મારૂં નામ રોહક છે, અને આ પાસેના નટના ગામમાં હું રહું છું." રાજા એટલું પૂછીને આગળ ચાલ્યા, એટલામાં રોહકનો પિતા નગરીમાંથી આવ્યો, અને રોહક ને તે બન્ને પોતાના ગામ તરફ ચાલ્યા. રાજા પણ પોતાને સ્થાને ગયો.

રાજાએ નગરીમાં જઇને વિચાર્યું કે "મારે ૪૯૯ મંત્રીઓ છે, તેમાં જો સમગ્ર મંત્રીસમૂહના મસ્તક પર મુગટ સમાન, મહા બુદ્ધિમાન્ અને સર્વથી ચઢીયાતો એવો મુખ્ય મંત્રી હોય તો મારૂં રાજ્ય સુખેથી વૃદ્ધિ પામે. કેમકે બુદ્ધિબળવાળા મંત્રીયુક્ત રાજા બીજાં બળોએ કરીને કદિ અલ્પ બળવાળો હોય તો પણ તે કદાપિ પરાજયનું સ્થાન થતો નથી, અને બીજા રાજાઓને ક્રીડા માત્રમાં જ (અનાયાસેજ) જીતી લે છે." આમ વિચારીને કેટલાક દિવસ ગયા પછી રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે રાજાએ સામાન્ય રીતે તે ગામના સર્વ મુખ્ય પુરૂષોને ઉદ્દેશીને આ પ્રમાણે આજ્ઞા કરી કે—"તમારા ગામની બહાર જે મોટી શિલા છે તેને ઉપાડ્યા વિના જ રાજસભાને લાયક એવા મંડપનું તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાંકણુ બનાવો." આ પ્રમાણેનો હુકમ આપવાથી ગામના સર્વે લોકો રાજાના આદેશ પ્રમાણે થવાનું અશકય જાણીને મનમાં આકુળ વ્યાકુળ થયા, અને ગામ બહાર એકઠા થઇને પરસ્પર વિચારવા લાગ્યા કે—"હવે આપણે શું કરવું ? આપણી ઉપર રાજાનો આવો સખ્ત હુકમ આવી પડયો છે અને રાજાના આદેશ પ્રમાણે જો આપણે નહીં કરીએ તો આપણુને રાજા ઘણો અનર્થ ઉપજાવશે." આ પ્રમાણેની ચિંતાએ કરીને આકુળ વ્યાકુળ થયેલા તેઓને વિચાર કરતાં મધ્યાહ્ન થઇ ગયો. અહીં રોહક તેના પિતા વિના જમતો નથી, અને તેનો પિતા ગામના લોકો ભેળો બેસી રહેલો છે, તેથી ક્ષુધાએ પીડાયેલો રોહક પિતાની સમીપે આવીને રોવા લાગ્યો અને બોલ્યો કે—"હું ક્ષુધાએ કરીને અત્યંત પીડા પામું છું, માટે ભોજન કરવા ઘેર ચાલો." ભરત બોલ્યો કે—"હે વત્સ ! તું તો નિશ્ચિંત છે તેથી તું ગામનું દુઃખ જાણતો નથી." રોહક બોલ્યો કે—"હે પિતા ! આપણા ગામને શું દુઃખ આવી પડયું છે ?" ત્યારે ભરતે રાજાનો આદેશ વિસ્તારથી કહી બતાવ્યો." તે સાંભળીને પોતાની બુદ્ધિના પ્રગલ્ભપણાથી જલદી કાર્યની સિદ્ધિ થવાનું વિચારીને તે બોલ્યો કે—"તમે આકુળ વ્યાકુળ થાઓ નહીં. રાજાને યોગ્ય એવો મંડપ બનાવવા માટે તમો તે શિલાની નીચે ખોદો, તેમાં યથાયોગ્ય થાંભલાઓ મૂકો, અને ચારે બાજુ ચૂના વિગેરેનો લેપ કરીને અત્યંત રમણીક ભીંતો તૈયાર કરો." તે સાંભળીને સર્વે મુખ્ય પુરૂષોએ "આણે બહુ સારી અક્કલ બતાવી" એમ કહીને તેનું વચન અંગીકાર કર્યું. પછી સર્વ જનો ભોજન કરવા માટે પોતપોતાને ઘેર ગયા. ભોજન કરીને સર્વે ભેળા થયા. અને તે શિલાની નીચેના પ્રદેશમાં કામ કરવા માંડયું. કેટલેક દિવસે સંપૂર્ણ મંડપ તૈયાર કર્યો, અને તે શિલાને તે મંડપનાં આચ્છાદાન રૂપ કરી દીધી. પછી ગામલોકોના કહેવાથી રાજાના નોકરોએ રાજાને નિવેદન કર્યું કે—"હે દેવ ! ગામના લોકોએ આપના આદેશ પ્રમાણે કર્યું છે." રાજાએ પૂછયું કે—"શી રીતે કર્યું ?" ત્યારે રાજપુરૂષોએ મંડપ બનાવ્યાનો સર્વ પ્રકાર રાજાને કહ્યો. રાજાએ ફરીથી પૂછયું કે—"આ કાર્ય કોની બુદ્ધિથી થયું છે ?" તેઓએ જવાબ આપ્યો કે—"હે દેવ ! ભરત નામના નટના પુત્ર રોહકની બુદ્ધિથી થયું છે." રાજા તે સાંભળીને ખુશી થયો. આ કાર્યમાં રોહકની ઉત્પત્તિકી બુદ્ધિ જાણવી. આ રીતે સર્વ દૃષ્ટાંતોમાં તેજ બુદ્ધિ જાણવી. ( અહીં બીજું દૃષ્ટાંત પૂર્ણ થયું. )

વળી એકદા રાજાએ રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે એક ઘેટો ત્યાં મોકલ્યો, અને ગામના લોકોને હુકમ કર્યો કે—"આ ઘેટો અત્યારે તોલમાં જેટલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેટલોજ રાખીને એક પખવાડીએ અમને પાછો મોકલવો, તેમાં કાંઇપણ ન્યૂન કે અધિક થવો ન જોઇએ.” આ પ્રમાણેનો રાજાનો આદેશ થવાથી ગામના સર્વ લોકો આકુળવ્યાકુળ થઇને એકઠા મળીને બેઠા. પછી તેઓએ માનપૂર્વક રોહકને બોલાવ્યો, અને તેને ગામના પ્રધાન પુરૂષોએ કહ્યું કે–“ હે વત્સ ! પહેલાં પણ રાજાના સપ્ત આદેશરૂપી સમુદ્રથી તેંજ અમને પોતાની બુદ્ધિરૂપી પાજવડે પાર ઉતાર્યા છે, તો આજે પણ તારી બુદ્ધિરૂપી સેતુબંધને તૈયાર કર, કે જેથી આ વખતે પણ રાજાના આદેશરૂપી સાગરના પારને અમે પામીએ.” તે સાંભળીને રોહક બોલ્યો કે–“ તમે એક વરૂની પાસે આ ઘેટાને બાંધો, અને તેને ઘાસ તથા જળ આપીને પુષ્ટ કરો. ઘાસ ખાવાથી તે દુર્બળ થશે નહીં, અને વરૂને દેખવાથી વૃદ્ધિ પણ પામશે નહીં.” તે સાંભળીને ગામના લોકોએ તે પ્રમાણે કર્યું. અને એક પખવાડીયાને અંતે તે ઘેટો રાજા પાસે મોકલ્યો. તેને તોળવાથી પ્રથમ જેટલાજ તોલવાળો તે થયો. તેથી રાજા ખુશી થયો.

ત્યારપછી વળી કેટલેક દિવસે રાજાએ એક કુકડો ત્યાં મોકલ્યો, અને હુકમ કર્યો કે–“ આ એકલા કુકડાને સામા બીજા કુકડા વિના યુદ્ધ કરાવો.” આ પ્રમાણેનો રાજાનો હુકમ આવવાથી ગામના સર્વ લોક એકત્ર થયા, અને રોહકને બોલાવીને તેને રાજાનો આદેશ સંભળાવ્યો. ત્યારે રોહકે એક મોટો આરીસો ( કાચ ) મંગાવ્યો. અને તેને રાખવડે ખુબ માંજીને નિર્મળ કર્યો. પછી તે આરીસો રાજાના કુકડાની સામે ધરી રાખ્યો. એટલે રાજાનો કુકડો પોતાનું પ્રતિબિંબ તે આરીસામાં દેખીને “ મારો પ્રતિપક્ષી આ બીજો કુકડો છે ” એમ ધારી તે પ્રતિબિંબની સાથે અહંકાર સહિત યુદ્ધ કરવા લાગ્યો. ‘ પ્રાયે કરીને તિર્યંચો જડ ચિત્તવાળાજ હોય છે. ’ આ પ્રમાણે બીજા કુકડા વિના રાજાના કુકડાને યુદ્ધ કરાવ્યું, તે જોઇને ગામના સર્વે લોકો વિસ્મય પામ્યા. રાજાના સેવકોએ તે હકીકત રાજા પાસે નિવેદન કરી.

ત્યારપછી વળી કેટલેક દિવસે રાજાએ તે ગામના લોકોને આદેશ કર્યો કે–“ તમારા ગામની ચોતરફ ઘણી સુંદર વેળુ ( રેતી ) છે, તેથી તે વેળુના કેટલાક દોરડાં વણીને જલદી અમને મોકલો.” આ પ્રમાણેનો રાજાનો આદેશ આવવાથી ગામના સર્વ લોકો એકઠા થયા, અને રોહકને બોલાવીને ‘શું કરવું ?’ એમ પૂછ્યું, ત્યારે રોહકે તેનો જવાબ અપાવ્યો કે–“ અમે તો નટ છીએ, તેથી અમે તો માત્ર નૃત્ય કરવાનુંજ જાણીએ છીએ, દોરડાં વણવાનું જાણતા નથી, તોપણ આપના આદેશ પ્રમાણે અમારે અવશ્ય કરવું જોઇએ, તો આપનો રાજમહેલ ઘણો મોટો છે, તેથી આગળનાં પણ કેટલાંક રેતીના દોરડાં ત્યાં પડ્યાં હશે, એટલે તેમાંથી એક

For Private And Personal Use Only

દોરડું નમુના તરીકે અહીં મોકલો, તો તેને અનુસારે અમે પણ બીજાં રેતીનાં દોરડાં બનાવીને આપને મોકલીએ." આ જવાબ રાજસેવકોએ રાજાને નિવેદન કર્યો. એટલે નિરૂત્તર થયેલો રાજા મૌન થઇ ગયો.

ત્યારપછી કેટલેક દિવસે રાજાએ એક ઘરડો, રોગી અને મરવાની તૈયારીવાળો હાથી તે ગામે મોકલીને કહેવરાવ્યું કે–"આ હાથી મરી ગયો છે, એવા ખબર અહીં અમને આપવા નહીં, પણ હમેશાં તેના સંબંધી ખરા ખબર અમને મોકલવા; જો તેમ નહીં કરો તો ગામના લોકોનો મોટો દંડ કરશું." આ પ્રમાણે રાજાનો આદેશ થવાથી પ્રથમની જેમ ગામની બહાર ગામના સર્વ લોકો એકઠા થયા. તેમણે રોહકને બોલાવીને પૂછ્યું, એટલે તેણે કહ્યું કે–"હમણાં તો આ હાથીને ઘાસ વિગેરે ખવરાવો, પછી જેમ યોગ્ય લાગશે તેમ કરશું." લોકોએ રોહકના કહેવા પ્રમાણે તે હાથીને ઘાસ વિગેરે નાખ્યું. પરંતુ તેજ રાત્રીએ તે હાથી મૃત્યુ પામ્યો. પછી પ્રાતઃકાળે રોહકના કહેવાથી ગામના લોકોએ રાજા પાસે જઇને કહ્યું કે–"હે દેવ! આજે તે હાથી બેસતો નથી, ઉઠતો નથી, ઘાસનો કોળીયો લેતો નથી, વિષ્ટા કરતો નથી, શ્વાસોચ્છ્વાસ પણ લેતો નથી. વિશેષ શું કહીએ? પણ હે દેવ! કોઇપણ જાતની સચેતનપણાની ચેષ્ટા કરતો નથી." તે સાંભળીને રાજાએ કહ્યું કે–"અરે! શું હાથી મૃત્યુ પામ્યો?" ત્યારે ગામના લોકો બોલ્યા કે "હે દેવ! આપ એવું બોલો છો; બાકી અમે એવું બોલતા નથી." તે સાંભળીને રાજા મૌન થઇ ગયો. પછી ગામના લોકો રાજાએ રજા આપવાથી પોતાને ગામ પાછા આવ્યા.

ત્યાર પછી વળી કેટલેક દિવસે રાજાએ આજ્ઞા આપી કે–"તમારા ગામમાં અત્યંત સ્વાદિષ્ટ જળથી ભરેલો એક કૂવો છે, તેને અહીં જલદી મોકલાવો." આ પ્રમાણેનો આદેશ થવાથી ગામના લોકોએ એકઠા થઇને રોહકને પૂછ્યું કે 'શું કરવું?' ત્યારે રોહકે જવાબ આપ્યો કે–"તમે રાજાને એમ કહેવરાવો કે અમારો કૂવો તો ગામડીયો છે, અને જે ગામડીઓ હોય તે સ્વભાવથી જ ભીરૂ (બીકણ) હોય છે, તેથી તે તેના સજાતીય વિના બીજાનો વિશ્વાસ કરે નહીં, માટે આપના નગરવાસી કોઈ પણ એક કૂવાને અહીં મોકલો, કે જેથી તેના ઉપર વિશ્વાસ રાખીને અમારો કૂવો પણ તેની સાથે ત્યાં આવશે." ગામના લોકોએ રાજસેવકોને આ પ્રમાણે ઉત્તર આપીને રાજા પાસે મોકલ્યા. તેઓએ રાજાને તે જવાબ નિવેદન કર્યો. એટલે તે સાંભળીને રાજા રોહકની બુદ્ધિના અતિશયને ચિત્તમાં વિચારીને મૌન રહ્યો.

ત્યાર પછી વળી કેટલેક દિવસે રાજાએ આદેશ કર્યો કે–"તમારા ગામની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ દિશામાં વન છે, તે વનને ગામની પશ્ચિમ દિશાએ કરો." આ પ્રમાણે રાજાનો આદેશ આવવાથી ગામના લોકોએ રોહકને પૂછયું અને તેની બુદ્ધિ પ્રમાણે પોતાનો નિવાસ ફેરવીને તેઓ વનની પૂર્વ દિશામાં વસ્યા. તેથી ગામની પશ્ચિમ દિશામાં વન થયું; તે વાત રાજપુરૂષોએ રાજા પાસે જઇને નિવેદન કરી.

ત્યાર પછી રાજાએ અન્ય દિવસે આદેશ કર્યો કે-"અગ્નિનો સંબંધ જોડ્યા વિના પાયસ (ખીર) રાંધો." આવો રાજાનો આદેશ સાંભળીને ગામના સર્વ લોકોએ એકઠા થઇ રોહકને પૂછયું; ત્યારે તેણે કહ્યું કે-"પ્રથમ ચોખાને જળમાં ઘણીવાર સુધી પલાળી રાખો. પછી સૂર્યના કિરણોથી ગરમ થયેલા અડાયા છાણાં અને પરાળ વિગેરેની બાફમાં ચોખા અને દૂધની ભરેલી તપેલી મૂકો. તેમ કરવાથી ખીર રંધાઇ જશે." લોકોએ તેજ પ્રમાણે કર્યું તો ખીર તૈયાર થઇ ગઇ. તે વાત રાજાના સેવકોએ રાજા પાસે જઇને કહી. તે સાંભળીને રાજાનું ચિત્ત વિસ્મય પામ્યું.

પછી રાજાએ રોહકની બુદ્ધિનું અતિશયપણું જાણીને તેને બોલાવવા માટે આદેશ કર્યો કે-"જે બાળકે મારા સર્વે આદેશો પ્રાયઃ પોતાની બુદ્ધિથી જ સાધ્યા છે તેણે અવશ્ય મારી પાસે આવવું; પરંતુ શુકલપક્ષમાં કે કૃષ્ણપક્ષમાં આવવું નહીં, રાત્રિએ કે દિવસે આવવું નહીં, છાયામાં કે તડકામાં પણ આવવું નહીં, વાહનપર બેસીને આવવું નહીં તેમજ પગે ચાલતાં પણ આવવું નહીં, તથા માર્ગે આવવું નહીં તેમ ઉન્માર્ગે પણ આવવું નહીં તથા સ્નાન કરીને આવવું નહીં તેમજ સ્નાન કર્યા વિના પણ આવવું નહીં." આ પ્રમાણેનો આદેશ કરવાથી રોહક કંઠ સુધી સ્નાન કરીને, ગાડાના ચીલાની વચ્ચેના માર્ગે, ઘેટા પર આરૂઢ થઇને પગે ચાલતો, ચાળણીરૂપી છત્રને મસ્તક પર ધારણ કરીને અમાવાસ્યા અને પડવાની સંધિમાં સંધ્યાકાળે રાજાની પાસે ગયો. પછી "રાજાને, દેવને અને ગુરૂને ખાલી હાથે જોવા નહીં (તેમની પાસે જવું નહીં)" એવા ધર્મશાસ્ત્ર વચનનું સ્મરણ કરીને એક માટીનો પિંડ હાથમાં લઇને તે રાજાની સમીપે ગયો. રાજાને પ્રણામ કરી તેમની પાસે માટીનો પિંડ મૂક્યો. એટલે રાજાએ તેને કહ્યું કે-"હે રોહક! આ શું?" રોહકે જવાબ આપ્યો કે-"હે દેવ! આપ પૃથ્વીપતિ છો, માટે મેં ભેટ તરીકે પૃથ્વી આણી છે." તે સાંભળીને "આ પ્રથમ દર્શનમાં જ માંગળિક વસ્તુ છે" એમ ધારીને રાજા તેના પર પ્રસન્ન થયો. પછી ગામના સર્વ લોકોને રાજાએ રજા આપી, અને રોહકને પોતાની પાસે સુવાડ્યો.

રાત્રીનો પહેલો પહોર વીતી ગયો, ત્યારે રાજાએ રોહકને બોલાવ્યો કે-"હે રોહક! જાગે છે કે ઉંઘે છે?" તે બોલ્યો-"હે દેવ! જાગું છું." રાજાએ પૂછયું-"અત્યારે તું શું વિચાર કરે છે?" તે બોલ્યો-"હે દેવ! હું વિચાર કરતો હતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પીપળાના પાંદડાનો દાંડો ( ડીંટ ) મોટો હશે કે શિખા ( અણી ) મોટી હશે ?" તે સાંભળીને રાજાને પણ સંશય થયો, તેથી તેણે વિચાર્યું કે–" આણે સારૂં ચિંતવ્યું છે પણ તેનો નિર્ણય શો હશે ?" એમ વિચારી રોહકને જ પૂછયું કે–"અરે! એનો નિર્ણય તેં શો કર્યો?" રોહકે જવાબ આપ્યો કે–"હે દેવ! જ્યાંસુધી પાંદડાની શિખાનો અગ્ર ભાગ સુકાયો ન હોય ત્યાંસુધી તેનો દાંડો અને શિખા એ બન્ને સરખાં જ હોય છે." તે સાંભળીને રાજાએ પોતાની પાસે રહેલા સેવકોને પૂછયું, ત્યારે તે સર્વેએ વિવાદ રહિતપણે જ રોહકનો નિર્ણય અંગીકાર કર્યો. (તે વાત કબુલ કરી.) પછી રોહક સુઈ ગયો. બીજો પ્રહર પૂર્ણ થયો યારે પુનઃ રાજાએ તેને બોલાવ્યો, અને પૂછયું કે–અરે! રોહક! શું જાગે છે કે ઉંઘે છે?" તે બોલ્યો–"હે દેવ! જાગું છું." રાજાએ પૂછયું–"ત્યારે શું વિચાર કરે છે?" તે બોલ્યો–"હે દેવ! બકરીના ઉદરમાં જાણે સંઘેડાથી ઉતારી હોય તેવી એક સરખી ગોળ લીંડીઓ કેમ થતી હશે ? એ વિષે હું વિચાર કરૂં છું." તે સાંભળીને સંશય પામેલા રાજાએ તેને જ પૂછયું કે–"હે રોહક ! તુંજ કહે કે શી રીતે થતી હશે ?" તે બોલ્યો કે–" હે દેવ ! સંવર્તક નામનો વાયુ તેના ઉદરમાં હોવાથી તેવી લીંડીઓ થાય છે." પછી ફરીથી પણ રોહક સુઇ ગયો. રાત્રીનો ત્રીજો પ્રહર ગયો, ત્યારે પાછો રાજાએ તેને બોલાવ્યો કે–' અરે ! રોહક ! જાગે છે કે ઉંઘે છે ?" તે બોલ્યો–" હે દેવ ! જાગું છું." રાજાએ પૂછયું–" ત્યારે શું વિચાર કરે છે ?" તે બોલ્યો–" હે દેવ ! હું વિચારૂં છું કે–ખીસકોલીનું શરીર જેટલું લાંબું છે, તેટલું જ તેનું પુંછડું લાંબું હશે કે ન્યુનાધિક હશે ?" તે સાંભળીને તેનો નિર્ણય કરવાને અશક્ત એવા રાજાએ તેને જ પૂછયું કે–" તેનો શો નિર્ણય કર્યો ?" તે બોલ્યો–" હે દેવ ! બન્ને સરખાં જ હોય છે." પછી રોહક સુઇ ગયો. પ્રાતઃકાળના મંગળ વાજિત્રનો શબ્દ ચોતરફ પ્રસર્યો એટલે રાજા જાગ્યો, અને તેણે રોહકને બોલાવ્યો, પરંતુ ગાઢ નિદ્રા આવેલી હોવાથી તેણે પ્રત્યુત્તર આપ્યો નહીં, ત્યારે રાજાએ ક્રીડાથી જ સોંટીવડે જરાક તેને સ્પર્શ કર્યો એટલે તે નિદ્રારહિત થઇ ગયો. રાજાએ કહ્યું કે, " અરે ! ઉંઘે છે કે ?" તે બોલ્યો–" હે દેવ ! જાગું છું." રાજાએ પૂછયું–" ત્યારે તું શું કરતો હતો ?" તે બોલ્યો–" હે દેવ ! હું વિચાર કરતો હતો." રાજાએ પૂછયું–" શું વિચારતો હતો ?" તે બોલ્યો–" હે દેવ ! હું એમ વિચારૂં છું કે આ રાજાને પિતા કેટલા હશે ?" તે સાંભળીને રાજા કાંઇક લજ્જા પામીને મૌન રહ્યો. ક્ષણવાર પછી રાજાએ પૂછયું–" અરે ! રોહક ! કહે, મારે કેટલા પિતા છે, અર્થાત્ હું કેટલા પુરૂષથી ઉત્પન્ન થયો છું ?" તે બોલ્યો–" હે દેવ ! પાંચ પુરૂષથી આપ ઉત્પન્ન થયા છો " રાજાએ ફરીથી પૂછયું–" કયા કયા પાંચ પુરૂષથી ?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોહક બોલ્યો-“ હે દેવ ! એક તો કુબેરથી આપ ઉત્પન્ન થયા જણાઓ છો, કેમકે કુબેરની જેવા આપ દાનેશ્વરી છો. બીજા ચાંડાળથી ઉત્પન્ન થયા જણાઓ છો, કેમકે શત્રુસમૂહ પ્રત્યે ચાંડાળની જેવો આપનો કોપ દેખાય છે. ત્રીજા ધોબીથી આપની ઉત્પત્તિ જણાય છે, કારણ કે વસ્ત્રને ધોબી નીચોવે તેમ આપ શત્રુને નીચોવીને (પીડા પમાડીને) તેનું સર્વસ્વ હરણ કરી લ્યો છો. ચોથા વીંછીથી આપ ઉત્પન્ન થયા જણાઓ છો, કારણ કે ગાઢનિદ્રામાં સુતેલા મને બાળકને પણ આપે સોટીના અગ્ર ભાગે કરીને વીંછીની જેમ પીડા પમાડી છે, અને પાંચમા આપના પિતાથી આપની ઉત્પત્તિ છે, કારણ કે ન્યાયી રાજાની જેમ યથાર્થ ન્યાયનું સારી રીતે આપ પાલન કરો છો. ” આ પ્રમાણે સાંભળીને રાજા મૌન થઇ જઇ પ્રભાત સંબંધી કૃત્ય કરવા લાગ્યો. પછી પોતાની માતા પાસે જઈ તેને નમસ્કાર કરીને રાજાએ એકાંતમાં પૂછયું કે-“ હે માતા ! કહો, હું કેટલા પુરૂષોથી ઉત્પન્ન થયો છું ? ” ત્યારે તે બોલી કે-“ હે વત્સ ! એમાં શું પૂછવું ? તારા પિતાથી જ તું ઉત્પન્ન થયો છે. ” ત્યારે રાજાએ રોહકની કહેલી વાત કહી સંભળાવીને કહ્યું કે-“ હે માતા ! તે રોહકની બુદ્ધિ પ્રાયે કરીને અસત્ય હોતી નથી, માટે સારી રીતે વિચારીને ખરૂં તત્ત્વ કહો.” આ પ્રમાણેના રાજાના અત્યંત આગ્રહથી તેણે કહ્યું કે-“ હે વત્સ! જે દિવસે તું મારા ગર્ભમાં આવ્યો તે દિવસે હું કુબેરદેવની પૂજા કરવા માટે બહાર ઉદ્યાનમાં ગઈ હતી. તે કુબેરયક્ષની પ્રતિમાને અત્યંત રૂપાળી જોવાથી તથા તેનો હસ્તવડે સ્પર્શ થવાથી મને કામનો ઉન્માદ (આવેશ) થયો હતો, તેથી મેં તેની સાથે ભોગની ઇચ્છા કરી હતી, પછી ત્યાંથી પાછા આવતાં રસ્તામાં એક અત્યંત સ્વરૂપવાળા યુવાન ચાંડાળને મેં જોયો હતો, તેથી તેની સાથે પણ ભોગની ઈચ્છા કરી હતી. ત્યાંથી નજીક આવતાં તેજ રીતે મનોહર રૂપવાળા ધોબીને જોઇને પણ મને ભોગની ઇચ્છા થઇ હતી. પછી ઘેર આવી હતી. તે દીવસે તેવી જાતનો ઓચ્છવ હોવાથી કાણક (આટા) નો વીંછી બનાવેલો હતો, તેને મેં હાથમાં લીધો તે વખતે તેના સ્પર્શથી પણ મને કામનો ઉન્માદ થયો હતો. આ રીતે માત્ર-કેવળ સ્પૃહા કરવાથી જ તેઓ પણ તારા પિતા તરીકે સંભવતા હોય તો હું ના પાડી શકતી નથી; બાકી પરમાર્થથી તો સમગ્ર જગતમાં પ્રસિદ્ધ જે તારા પિતા રાજા હતા તે એકજ તારા પિતા છે. ” આ પ્રમાણે સાંભળીને રાજા પોતાની માતાને પ્રણામ કરી રોહકની બુદ્ધિથી મનમાં વિસ્મય પામી પોતાના નિવાસસ્થાનમાં ગયો. પછી તેણે રોહકને સર્વે મંત્રીઓમાં મૂર્ધાભિષિક્ત (મસ્તકપર મંત્રિપણાનો અભિષેક કરાયેલો) મુખ્ય મંત્રી કર્યો. આ રીતે રોહકની બુદ્ધિના તેર દૃષ્ટાંતો પૂર્ણ થયા, તે સાથે પહેલી ગાથામાં આવેલા **भरहसिल** શબ્દથી સૂચવેલું રોહકનું પહેલું દૃષ્ટાંત પણ પૂર્ણ થયું.

**ઇતિ રોહક દૃષ્ટાંતઃ** **અપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनोनुं अध्यात्मशास्त्र अने नीतिशास्त्र.[1]

જે જે સર્વ બંધુઓ જૈન ફીલોસોફીનો અભ્યાસ કરે છે, તે સર્વે એવી માન્યતા ધરાવતા થઈ જાય છે કે જૈનધર્મ તો ફીલોસોફીના સિદ્ધાંતોના એક સમૂહરૂપ ધર્મ માત્ર છે, તેનાં સિદ્ધાંતો અમુક ચોકસ દૃષ્ટિબિંદુથી રચાયેલાં નથી. અને તે સર્વ અભ્યાસીઓને આશ્ચર્ય થાય છે કે આ પ્રમાણેના પદ્ધતિ–વ્યવસ્થા વગરના સંપ્રદાયને જે સ્થિતિમાં તે તેમની દૃષ્ટિએ દેખાય છે તેવી સ્થિતિમાં કોણે ચાલુ કર્યો હશે–પ્રવર્તાવ્યો હશે ? હું પણ એક વખત જૈનધર્મ માટે આવાજ વિચારો ધરાવતો હતો અને મારો તે અંગિત અભિપ્રાય મેં જાહેરમાં પણ દર્શાવેલ છે, પણ જૈન ફીલોસોફી અને તેના સિદ્ધાંતો તરફ હવે હું જુદીજ દૃષ્ટિથી જોઉં છું. ઉંડો અભ્યાસ કરતાં મને જણાયું છે કે તે ધર્મનું અધ્યાત્મશાસ્ત્ર સ્વતંત્ર પાયા ઉપર રચાયેલ તદ્દન જુદુંજ છે; અને જૈનધર્મના હરીફ ધર્મો–બ્રાહ્મણ ધર્મ અને બુદ્ધ ધર્મ–તે બંને ધર્મો કરતાં જૈનોનું અધ્યાત્મશાસ્ત્ર–આત્મા સંબંધીનું જ્ઞાન દેખાડનાર શાસ્ત્ર બહુ માનવંતી પદવી ધરાવે છે, અને તે ધર્મો કરતાં તદ્દન જુદીજ પદ્ધતિ ઉપર તે રચાયેલ છે. આજે આ વિષય ઉપર થોડા વખત સુધી તમારૂં લક્ષ ખેંચવાની હું રજા લઉં છું.

જૈનોના ચોવીશમા અને છેલ્લા પેગંબર ( તીર્થંકર ) મહાવીરે જે પ્રમાણે ઉપદિશ્યો અને જે ધર્મ તેની છેલ્લી પ્રરૂપણાનુસાર અત્યારે હયાતી ધરાવે છે તે પ્રમાણેના જૈનધર્મની ઉત્પત્તિ જે પ્રમાણે સારી રીતે જણાયેલ છે તદનુસાર પૂર્વ હિંદુસ્તાનના તે ભાગમાં થઈ હતી, કે જે સ્થળે પ્રાચીન કાળમાં ઉપનિષદોમાં જણાવવામાં આવ્યું છે તેમ યાજ્ઞવલ્કયે બ્રહ્મ અને આત્માનો પોતાનો સિદ્ધાંત પ્રરૂપ્યો હતો, જેમાં બ્રહ્મ અને આત્માને શાશ્વત અને પરમ તત્ત્વ–નિર્વિકલ્પ પુરૂષ તરીકે ઉપદિશ્યો અને જે સ્થળે મહાવીરના સમકાલીન અને હરીફ **ગૌતમ બુદ્ધે** પણ પોતાનો સર્વ વસ્તુઓ નાશવંત છે એવો વિનશ્વરવાદ પ્રરૂપ્યો હતો. આ પ્રમાણે સ્થિતિ હોવાથી જૈનધર્મને આવા પરસ્પર વિરૂદ્ધતા દર્શાવનારા મતોથી તદ્દન જુદી અને તે બંનેની સ્પર્ધામાં ઉત્તમ રીતે ટકી શકે તેવી પ્રરૂપણા કરવાની હતી અને તે બાબત જૈનધર્મ પ્રરૂપકોએ બહુ સારી રીતે ચર્ચેલી છે તે દેખાડવાને માટે વધારે ખુલાસાથી અને સ્પષ્ટ રીતે તે કહેવાની જરૂર છે.

---

૧ પ્રો. **ડાક્ટર હર્મન જેકોબી** એ ઓક્સફર્ડમાં ભરાયેલ ધાર્મિક ઐતિહાસિક પરિષદ્‌માં આપેલ ભાષણનું ભાષાંતર–જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપનિષદ્દના રચનારાઓ જે એક મહાન્ સત્ય શોધી કાઢવાનું ધારતા હતા અને જે માટે તેઓ વારંવાર આત્મવખાણ કરવામાં તત્પર થઇ જતા હતા તે સત્ય એ તેઓ દર્શાવતા હતા કે સર્વ વસ્તુઓની અંદર રહેલ અને સર્વ વસ્તુઓને ટેકો આપનાર-અવલંબન આપનાર, શારીરિક અને માનસિક સર્વ વસ્તુઓને ટકાવી રાખનાર એક તદન સ્વતંત્ર અને શાશ્વત પુરૂષ છે, કે જે પુરૂષમાં કોઇ પણ વખત કશો ફેરફાર થતો નથી, અને અખિલ સૃષ્ટિમાં તેના સદશ બીજી કોઇ વ્યક્તિ નથી. આ સ્વતંત્ર પુરૂષ અને બીજી અસ્તિત્વ ધરાવતી અન્ય વસ્તુઓ વચ્ચે શું સંબંધ છે તે ઉપનિષદ્દકારોએ સ્પષ્ટ રીતે દર્શાવેલ નથી, પણ કોઇપણ જાતના દુરાગ્રહ રહિત-નિષ્પક્ષપાત વાંચક તરત જ કબુલ કરશે કે તેઓ આ દૃશ્ય જગત્‌ને સત્ય તરીકે સ્વીકારતા હતા. આ દૃષ્ટિબિંદુ ઉપર વેદાંત ધર્મના જુદા જુદા અનુયાયીઓ જુદા જુદા નિર્ણયો ઉપર આવેલા છે, પણ તે બાબત આ સ્થળે ઉપયોગી નહિ હોવાથી અત્રે તેની ઉપર વિશેષ બોલી કાળક્ષેપ કરવાની જરૂર નથી.

આ સ્વતંત્ર અને શાશ્વત્ પુરૂષ-પરમેશ્વરના બ્રાહ્મણ ધર્મના સિદ્ધાંતની વિરૂદ્ધ બુદ્ધધર્મે શીખવ્યું કે સર્વ વસ્તુઓ નાશવંત છે, ખરેખર બુદ્ધના મરતી વખતના તેજ શબ્દો હતા કે જે કાંઇ નિપજ્યું છે-ઉત્પન્ન થયું છે તેનો નાશ થવો જ જોઇએ. બુદ્ધધર્મના મત પ્રમાણે ખરેખરો નાસ્તિકવાદ તે આત્મવાદ જ છે, એટલે કે સર્વ વસ્તુઓના મૂળ પાયારૂપે એક શાશ્વત પુરૂષ આત્મા-પરમેશ્વર છે તેવી માન્યતા-તે આત્મવાદ તે ખરેખરો નાસ્તિક મત છે. આ સર્વ વસ્તુઓ તે જેમ બુદ્ધ તેને કહે છે તેમ ધર્મ છે, પણ તેની માન્યતા પ્રમાણે જ્યારે કોઈ ધર્મિન્ એક શાશ્વત પ્રાણી જ ન હોય ત્યારે જેના તે ગુણો કહી શકાય તેવા મૂળ વસ્તુના અભાવે તે ધર્મો પણ રહેતા નથી-સારાંશ કે ધર્મિન્-એક શાશ્વત પ્રાણીના અભાવે ધર્મો-તેના ગુણો પણ હોય જ નહિ તેવી બુદ્ધની માન્યતા હતી.

આ પ્રમાણે બ્રાહ્મણો અને બુદ્ધો પરમેશ્વરના સિદ્ધાંત ઉપર એક બીજાથી તદન વિરૂદ્ધ મત ધરાવતા હતા, કારણ કે બંને જણા તદન જુદીજ દૃષ્ટિથી તે સવાલ તરફ જોતા હતા. બ્રાહ્મણો સર્વાંશે બુદ્ધિવાદના નિર્ણયો ઉપર જ કાર્ય કરતા હતા, કે જે નિર્ણયાનુસાર તેઓ પરમેશ્વરને શાશ્વત, સ્વતંત્ર, સર્વથી ભિન્ન અને સર્વ સાથે તદ્રૂપપણે માનતા હતા. આની વિરૂદ્ધ બુદ્ધ લોકો ચાલુ સામાન્ય અનુભવના એકદેશીય શિક્ષણાનુસાર વર્તનારા હતા, જે શિક્ષણ પ્રમાણે સંસારમાંનું અસ્તિત્વ-જન્મ અને મરણ-ઉપજવું અને વિનાશ પામવું તેના ક્રમથી ભરપૂર હતું. બ્રાહ્મણનો પૂર્વકાલિન મત અને બુદ્ધોનો પછીથી ઉદ્દભવેલો મત, જ્યારે આપણા અંતઃકરણને જે પ્રમાણે તે દર્શાવવામાં આવે છે તદનુસાર સ્પષ્ટ રીતે સમજાવવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવામાં આવે છે ત્યારે તે બંને મતો ઘણી મુશ્કેલીઓથી ભરેલા છે ને સ્પષ્ટ રીતે સમજાવી શકાય તેવા નથી. અંતઃકરણપૂર્વક તેના સિદ્ધાંતોના ખુલાસા થઈ શકે તેવા નથી, તેમ સ્વતઃજ આપણને લાગ્યા વગર રહેતું નથી, અને જે મુખ્ય નિયમો તે સ્વીકારે છે તે મુખ્ય નિયમને ખરી દ્રઢ શ્રદ્ધાથી જ માની લીધા વગર મુશ્કેલીનો અંત આવી શકતો નથી, સારાંશ કે બુદ્ધિમાં ઉતરે—અંતઃકરણ પૂર્વક જેના નિર્ણયો ઉપર ખુલાસા આપી શકાય તેવા તે મતો નથી, પણ શ્રદ્ધાથી જ સ્વીકારાયેલા—સત્ય તરીકે અમુક નિયમો કબુલ કર્યા પછીજ તે ધર્મના સિદ્ધાંતો સમજાવી શકાય છે—અનુભવમાં ઉતારી શકાય છે.

હવે જૈનધર્મે આત્માના સિદ્ધાંત માટે જે ભાવ ગ્રહણ કર્યો છે તે આ પ્રમાણે છે. તેઓ કહે છે કે આત્મા ઉત્પાદ, વ્યય, અને ધ્રુવ ત્રિગુણાત્મક છે ( उत्पाद ध्रौव्य विनाश युक्तम् सत् ) અને તેઓ તેના આ સિદ્ધાંતને અનિયતવાદનો સિદ્ધાંત ( અનેકાંતવાદ ) કહે છે, અને તે સિદ્ધાંત વેદાંતના શાશ્વતવાદ ( નિત્યવાદ ) ના સિદ્ધાંતની અને બુદ્ધના અશાશ્વતવાદ (વિનાશવાદ) ની થીયરીની વિરૂદ્ધ મત ધરાવનાર છે. તેઓનો સિદ્ધાંત ટુંકાણમાં આ પ્રમાણે છે. ચાલુ સ્થિતિમાં જે વસ્તુઓ આપણને દેખાય છે તેવી સ્થિતિમાં તેમના દ્રવ્યને આશ્રીને તે વસ્તુઓ શાશ્વત છે, પણ તેઓના ગુણો અગર તો પર્યાયોમાં ફેરફાર થયા કરે છે—તેનાં પર્યાયો નવા ઉપજે છે—અને જુનાનો વિલય થાય છે. વધારે વિસ્તાર પૂર્વક કહેતાં તેનો સારાંશ એટલો છે કે કોઇ પણ પૌદ્‌ગળિક વસ્તુ તેના મૂળ દ્રવ્ય તરીકે હમેશને માટે અસ્તિત્વમાં રહેજ છે, પણ તે દ્રવ્ય ગમે તે ભિન્ન ભિન્ન આકૃતિ અને ગુણો ધારણ કરે છે. આ પ્રમાણે એક દ્રવ્ય તરીકે માટી શાશ્વત ગણી શકાય, પણ તે માટીના પિંડમાંથી ઉત્પન્ન થયેલ ઘટ, અથવા તો તેનો રંગ તો અસ્તિત્વમાં આવે છે, અને તેનો નાશ થાય છે. માટી તે મુળ ગુણરૂપે—દ્રવ્યરૂપે હોવાથી તેમાં ફેરફાર થતો નથી, પણ તેમાંથી ઉત્પન્ન થયેલ ઘટ—પટ અને તેવીજ બીજી આકૃતિઓ તે માટીરૂપી મૂળ દ્રવ્યના પર્યાયો છે, અને પર્યાયો તરીકે મૂળ દ્રવ્યમાં ફેરફાર થાય છે—તે અસ્તિત્વમાં આવે છે, અને તેનો નાશ થાય છે.

આ પ્રમાણે આત્મા સંબંધીના જૈન સિદ્ધાંત સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય તેવા વિચારોથી ઉત્પન્ન થયેલ હોય તેમ સ્પષ્ટ સમજી શકાય છે, અને તેને ઘણી અગત્યતા આપવામાં આવે છે. જૈન ફીલોસોફીના અધ્યાત્મ શાસ્ત્રના મૂળ સિદ્ધાંત તરીકે આ નિયમને સ્વીકારવામાં આવે છે. જ્યારે સ્યાદ્વાદ અને નયના સિદ્ધાંતાનુસાર તેની સમજણ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તેનું મહત્ત્વ—તે નિયમની અગત્યતા વધારે સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાદ્વાદ શબ્દને જૈન પ્રવચનના એક તુલ્યાર્થ વાચી તરીકે વારંવાર વાપરવામાં આવે છે. ( દાખલા તરીકે **સ્યાદ્વાદ-મંજરી** તે નામથી જૈન ફીલોસોફીનો એક બહુજ ઉત્તમ ગ્રંથ પછવાડેના કાળમાં બહાર પાડવામાં આવેલ છે ), અને હેત્વાભાસ ( **ખરી દેખાતી** ખોટી તકરારો ) **ની** ભુલભુલામણીમાંથી પસાર થવા માટે-બહાર નીકળવા માટે એક ખરા રક્ષક સત્ય તરીકે તેને ગણવામાં આવે છે. **સ્યાદ્વાદ** શબ્દમાં શા શા વિચારોનો સમાવેશ થાય છે તે ટુંકાણમાં આ પ્રમાણે છે. આત્માનો સ્વભાવ કુદરતી રીતેજ અસ્તિત્વમાં રહેવાનો છે, અને જન્મ, સ્થિતિ, અને નાશ ( ઉત્પાદ-વ્યય-ધ્રુવ ) ના વિરૂદ્ધતાવાળા ગુણો તેમાં રહેલા છે, તેથી કોઈ પણ જીવંત વસ્તુ માટેનો સિદ્ધાંત કોઈ પણ રીતે આત્માનાં અસ્તિત્વને જ બતાવે છે, દાખલા તરીકે કોઇ પણ આત્મા સંબંધીની રચના-દરખાસ્ત એક મત પ્રમાણે સાચી હોય છે, અને તેનીજ વિરૂદ્ધની રચના-દરખાસ્ત બીજા મત પ્રમાણે પણ સાચી હોય છે. આ સિદ્ધાંત પ્રમાણે અધ્યાત્મશાસ્ત્રના સાત સ્વરૂપો વર્ણવવામાં આવ્યા છે, અને તે સર્વમાં **સ્યાત્** શબ્દ આવે છે. દાખલા તરીકે સ્યાદ્ અસ્તિ સર્વમ્-સ્યાદ્ નાસ્તિ સર્વમ્. સ્યાત્ એટલે હોવું, હોઇ શકે, અને તે **'કથંચિત્'** શબ્દથી સ્પષ્ટ સમજાવી શકાય છે, સ્યાત્ શબ્દ અહિં અસ્તિના ગુણવાચી છે, **અને** આત્માના અસ્તિત્વને દર્શાવે છે. દાખલા તરીકે આપણે એમ કહીએ કે એક ... કથંચિત્ અસ્તિત્વમાં છે અને કથંચિત્ નથી. એટલે કે જો આપણે તેને ઘટ તરીકે લઇએ તો તદ્રૂપે તે અસ્તિત્વમાં છે, અને એક કપડું અથવા તો અન્ય તેવીજ બીજી વસ્તુ તરીકે જો તેના પ્રતિ જોઈએ તો તે રૂપે તે અસ્તિત્વમાં નથી. ઘટ ઘટરૂપે અસ્તિત્વમાં છે, પણ એક કપડા તરીકે તે અસ્તિત્વમાં નથી જ. તે રૂપે તે અસ્તિત્વમાં હોઈ શકે જ નહિ.

ઉપલક દૃષ્ટિએ જોતાં અને વિચાર કરતાં સત્ય તરીકે જણાતા આવા સિદ્ધાંતો મૂકવાનું એ કારણ હતું કે આત્મા-પરમાત્મા એકજ છે, અન્ય કોઇ તેના જેવું નથી, સર્વ વસ્તુમાં સર્વત્ર તેજ રહેલ છે એવી વેદાંતની પ્રરૂપણા વિરૂદ્ધ દલીલો મૂકી શકાય-તે પ્રરૂપણાનો હ્રાસ થઈ શકે. આ પ્રમાણે અન્યોઅન્ય સંબંધ ધરાવનારા બે વિધાન આપણી પાસે થયા-છે ( અસ્તિ ) અને નથી ( નાસ્તિ ). આવુંજ એક ત્રીજું વિધાન છે. તેનું નામ 'અવક્તવ્ય' (ન બોલી શકાય તેવું) છે; કારણ કે અસ્તિત્વ અને નાસ્તિત્વ ( સત્ અને અસત્ ) તે બંને વિધાનો તો એકજ કાળે સમકાળે એકજ વસ્તુ માટે બોલી શકાય છે, અને એકબીજાથી તદન વિરૂદ્ધ આવાં વાક્યો-વિધાનોનો સહયોગ ભાષાના કોઇપણ શબ્દથી બોલી શકાતો નથી-વર્ણવી શકાતો નથી. જુદી જુદી રીતે જોડાયેલા આ ત્રણ વિધાનો જુદા જુદા સાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંત-પ્રસ્તાવને નિપજાવે છે, અને તેનું નામ સ્યાદ્વાદશૈલીમાં સપ્તભંગી કહેવાય છે. આ સપ્તભંગી ઉપર બહુ લંબાણથી વિવેચન કરીને તમારો વિશેષ વખત રોકવાની મારી ઇચ્છા નથી; અત્રે ટુંકાણમાં મારે એટલુંજ તમને કહેવાનું છે કે આત્મા સંબંધીના અનેકાંતવાદની થીયરીના મૂળરૂપે તે ત્રણ વિધાનોથી ઉત્પન્ન થતી સપ્તભંગીની રચના છે. અને મારે તમને પુનઃ પણ સ્મરણ કરાવવું જોઇએ કે સર્વ અધ્યાત્મવાદના ગુંચવણ ભરેલા સવાલોનો નિર્ણય કરવા માટે જૈનધર્મ પ્રરૂપકો સ્યાદ્વાદને મૂળ કુંચીરૂપે માને છે, અને તે સર્વ સવાલોનો નિર્ણય તે પ્રમાણે લાવે છે.

આ સપ્તભંગીનાં સિદ્ધાંત ઉપરાંત બીજો એક ન્યાયનો સિદ્ધાંત પણ છે, કે જે સ્યાદ્વાદને તાર્કિક રીતે પૂરવણી કરે છે. આ ન્યાય તે વસ્તુઓના અમુક સ્વભાવને આશ્રીને બોલવાની રીતો છે. જૈન મતાનુસાર આ સર્વ ન્યાયપુરઃસર બોલવાની રીતો તે એકદેશીય હોય છે. અને તેઓ સત્યનો અમુક અંશજ ધરાવતી હોય છે. આવા ન્યાય તે સાત છે-જેમાંથી ચાર વિચારને આશ્રીને પ્રવર્તે છે અને ત્રણ શબ્દને આશ્રીને પ્રવર્તે છે. આ પ્રમાણેની વિવિધતા-ભિન્ન ભિન્ન પ્રકારો દેખાડવાનું એ કારણ છે કે જેમ વેદાંતીઓ માને છે તેમ આત્મા તદન સાદો નથી, પણ તે ગુંચવાયેલ સ્વભાવનો છે; તેથી કોઇપણ વસ્તુ માટેનું કોઈપણ વર્ણન અથવા સૂચન તે જરૂર અપૂર્ણ અને એકદેશીય જ હોઇ શકે-સંપૂર્ણાંશે કોઈ પણ વસ્તુનું વર્ણન થઇ શકે જ નહિ. તેથી જો આપણે કોઇ પણ વસ્તુ માટે માત્ર એકજ વાત કરીએ-અને એકજ રીતે તે વસ્તુનો વિચાર કરીએ તો જરૂર આપણે ભૂલાવો જ ખાઇએ. અથડામણીમાં પડીએ-કોઇપણ વસ્તુનો સર્વાંશે વિચાર એક રીતે થઇ શકેજ નહિ.

આ બધી બાબતોનો જો શાંત રીતે વિચાર કરીએ તો તેમાં જરાપણ કાલ્પનિક કે તરંગી લાગે તેવું નથી, ઉલટું બરોબર વિચરીએ તો સ્વતઃજ સમજાય તેવું છે કે ઉપનિષદ્કારોના **અસત્યાભાસવાળા** માનસિક તરંગો વિરૂદ્ધ જૈન શાસ્ત્રકારોની આત્મસંબંધીની થીયરી પુખ્ત વિચારથી ઉદ્દભવેલ સ્થૂલદૃષ્ટિથી પણ ગ્રાહ્યમાં આવી શકે તેવી પ્રરૂપણાવાળી છે, વળી પ્રથમ ઉદ્દભવેલ છતાં પણ જે સર્વ અસ્તિત્વમાં છે તેના ક્ષીણવિનાશીપણાના બૌધસિદ્ધાંતની વિરૂદ્ધ પણ તે આબાદ લાગુ પડી શકે તેવી છે. જોકે તે બૌધમતથી જ વિરૂદ્ધ છે અને તેને લક્ષીને જ તે થીયરી રચવામાં આવેલ છે અને તેની વિરૂદ્ધ લડત તે સ્પષ્ટ રીતેજ ચલાવે છે તેમ આપણાથી કહી શકાય તેમ નથી. ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીએ તો તે વાત બરોબર લાગુ પડી શકે તેમ છે. અત્યારની જૈન થીયરી **મહાવીર** નામના જૈનોના ચોવીશમા તીર્થંકરના કથન પ્રમાણે પ્રવર્તે છે. મૂળ ઉપનિષદોની ઉત્પત્તિ થયા પછી મહાવીરનો જન્મ થયો છે, અને તેમણે અત્યારની સ્થિતિએ જે જૈન સિદ્ધાંતો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે પ્રરૂપેલ છે, અને બુદ્ધ તો મહાવીરના સમકાલીન હતા. તેથી બ્રાહ્મણધર્મના તરંગો–કાલ્પનિક મતનો બહિષ્કાર થાય તેવી રીતે મહાવીરે પોતાના ધર્મની પ્રરૂપણા કરી છે, પણ ત્યાર પછીથી નવીન ઉત્પન્ન થયેલ બુદ્ધધર્મને આશ્રીને તેની સ્થિતિ વેદાંતધર્મ કરતાં જુદીજ હતી.

એક બાજુ જૈન ફીલોસોફી અને બીજી બાજુ સાંખ્યયોગની ફીલોસોફી તે વચ્ચે શો સંબંધ રહેલો છે તે બાબત ઉપર હજુ મેં વિવેચન કર્યું નથી. આ બંને ધર્મો વચ્ચે ઘણો મોટો સંબંધ–મેળાપ હશે એમ આપણને લાગશે, કારણ કે બંને ધર્મોની ઉત્પત્તિ એક સરખા ધાર્મિક મનુષ્યો-સાધુઓ કે જેઓ **શ્રમણને** નામે અથવા તો નવીન શબ્દ વાપરીએ તો જેઓ **યોગીને** નામે ઓળખાય છે તેવા મનુષ્યો મારફત થયેલી છે.

શ્રમણત્વ–સાધુત્વના નિયમો, તેની રીતભાતો, તથા યોગને અંગે સર્વનું અંતિમ લક્ષ તેને આશ્રીને વિચાર કરીએ તો બ્રાહ્મણો, જૈનો અને બૌદ્ધોના નિયમો એક બીજાને ઘણે અંશે મળતા છે–સમાન છે એમ ઘણા વખતથી માલુમ પડયું છે, અને તે સર્વેની એકજ મૂળમાંથી ઉત્પત્તિ થઈ હશે એમ જણાય છે. યોગાદિ આચારના મૂળ વિચારોની નિષ્પત્તિ એકજ સ્થળેથી હોવી જોઈએ તેમાં કાંઇ શંકાસ્પદ લાગતું નથી; પણ અત્યારે તો આપણે તેજ ફીલોસોફીના વિચારોની જરૂર છે કે જેને અંગે સાધુત્વના આચાર વચ્ચે અન્યો અન્ય સંબંધ રહેલો હોય, અને તે જાણવાથી જ આપણે સત્ય ખુલાસો કરવા શક્તિમાન્ થઇ શકીએ.

હવે આત્મા–પરમાત્માના સિદ્ધાંતનો વિચાર કરીએ. તેમનો સિદ્ધાંત તે ઉપનિષદ્‌ની થીયરી અને જેને ચાલુ લૌકિક જ્ઞાન આપણે કહીએ તે જ્ઞાન–થીયરી વચ્ચે એક જાતનું અન્યોઅન્યનું સમાધાન–ફડચો કરતા હોય તેવી જાતનો છે. સાંખ્યલોકો આત્મા અથવા તો પુરૂષ–પરમેશ્વરને માટે કહે છે કે 'તે શાશ્વત અને અવિનાશી–ફેરફાર ન થઈ શકે તેવા છે.' તે બાબતમાં તેઓ વેદાંત મત સ્વીકારે છે. વળી પછીથી તેઓ પુદ્‌ગળ અથવા તો પ્રકૃતિને અંગે વારંવાર તેમાં ફેરફારો થયાજ કરે છે તેમ સ્વીકારીને તેઓ બીજા મતનો સ્વીકાર કરે છે. સાંખ્યો કહે છે કે આત્મા અગર તો પુરૂષો વગર અન્ય સર્વ ચીજો એક પ્રકૃતિ–પૂર્વકાળની વસ્તુમાંથી ઉપજેલી છે, અને તેજ પ્રમાણે જૈનો પણ કહે છે કે 'આત્મા અથવા તો જીવો વગર આ સંસાર ઉપર દેખાતી લગભગ સર્વ વસ્તુઓ એક વસ્તુ એટલે કે પુદ્‌ગલમાંથી ઉપજેલી છે. આ પુદ્‌ગલ તે સર્વ એકજ પ્રકારના છે, અને સર્વ વસ્તુમાં તેનું પરિવર્તન–સંક્રમણ થઇ શકે છે.' આ પ્રમાણે આપણે જોઈ શકીશું કે વસ્તુ–પુદ્‌ગળ પ્રકૃતિના સ્વભાવને અંગે સાંખ્ય અને જૈનો લગભગ અન્યોઅન્યને મળતા આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; તેમના મત પ્રમાણે પુદ્ગળ—પ્રકૃતિ એ એક એવી વસ્તુ છે કે જે સર્વ વસ્તુમાં સંક્રમી શકે છે. કોઈ પણ ચીજમાં તે દાખલ થઇ શકે છે—દાખલ થયેલજ હોય છે—સર્વ વસ્તુઓ તદ્રૂપજ હોય છે. આપણને તરતજ લાગશે કે આ મત—પુદ્ગળ સંબંધીનો આ વિચાર ઘણા પૂર્વ કાળથી ચાલતો આવેલો છે. આ મત પૂર્વપુરૂષોથી સ્વીકારાતો આવેલો છે, એટલુંજ નહિ પણ વસ્તુઓના કુદરતી સ્વભાવને અંગે થતા રૂપાંતરોમાં અગર તો મંત્રજાળાદિકથી થતી નિષ્પત્તિના પરિણામોમાં પણ આ મત સાર્વજનિક માન્યતા ધરાવે છે. આજ ખરેખરો પોઈન્ટ છે. હું સાબીત કરવા માગું છું કે સાંખ્ય અને જૈનો—બંને પુદ્ગળ—પ્રકૃતિના વિચારોને અંગે એક સરખી ભાવના—સમજ ધરાવનારા છે, પણ તેના અંતિમ લક્ષ્યને તેઓ બંને જુદેજ રસ્તે-જુદીજ લાઇનિનો વિચાર કરીને પહોંચેલા છે. સાંખ્ય લોકો કહે છે કે 'પ્રકૃતિના ગુણો અમુક ચોકસ નિયમમાં બહુ સૂક્ષ્મ અને નિરાકાર સત્તા ( બુદ્ધિ ) થી લઇને મોટી મોટી વસ્તુઓ સુધી સર્વમાં ફર્યા કરે છે, અને આ નિયમ સૃષ્ટિની ઉત્પત્તિ અને નાશને-સૃષ્ટિના સર્વ પદાર્થોમાં દૃશ્ય થતો પ્રગટન ભાવ અને વિનાશી ભાવને નીપજાવે છે.' બીજી બાજુએ જૈનો પુદ્ગળના પરિવર્તનનો આવો એક ચોકસ નિયમ—અમુક લક્ષ્યથીજ થતો ફેરફાર સ્વીકારતા નથી, પણ તેઓ માને છે કે 'સૃષ્ટિ તો શાશ્વત્ સનાતન—અવિનાશી અને ચિરસ્થાયી બંધારણવાળી છે અને પુદ્ગળો પલટન ભાવવાળા છે, તેથી આ સઘળા પૌદ્ગળિક ફેરફારો—દૃશ્ય જગત્માં થતાં ફેરફારો તે તો પુદ્ગળોને લીધે અને તેનાં અરસપરસના સંયોગો—મિશ્ર જોડાણોને લીધે જ થાય છે.' તેમની પૌદ્ગળિક થીયરીનો નવાઇ જેવો ભાગ તો તે છે કે આ સર્વ પરમાણુઓ એકઠા સમૂહરૂપે પણ હોય છે, અથવા તો તે પરમાણુઓ પૃથક્ પૃથક્ પણ હોય છે, અને આવા છુટા પરમાણુઓ એકઠા થવાથી એક મોટો પુદ્ગળ—પરમાણુનો અમુક સમૂહ એકઠો થયા પછી ચક્ષુથી દેખાતી એક મોટી વસ્તુ બને છે તેમ જૈનોની પૌદ્ગલિક થીયરી કહે છે. આ તેમની થીયરી તેમના માનસશાસ્ત્ર—અધ્યાત્મ શાસ્ત્ર ઉપર કેવી રીતે અસર કરે છે તે ઉપર હવે હું વિવેચન કરીને બતાવીશ. પણ મારે પ્રથમજ કહી દેવું જોઇએ કે સાંખ્ય લોકો બુદ્ધિ, અહંકાર, મન અને ઇંદ્રિયોને અંગે તેમના સિદ્ધાંતમાં જેવી મિશ્ર અસર તેમના માનસિક—આધ્યાત્મિક શરીર ઉપર થતી માને છે તેવી જૈનો માનતા નથી. આ બાબતમાં જૈનોનો અભિપ્રાય કુદરતી રીતને અનુસરનાર છે, અને ટુંકાણમાં તે આ પ્રમાણે છે.

એક ચોકસ મનુષ્યને તેના પાપ અગર તો પુણ્યને અનુસાર એક ચોકસ સૂક્ષ્મ જાતિના પરમાણુઓ તેના આત્મા અગર જીવ ઉપર લાગે છે—ચોંટે છે—તેના આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને તેટલો તે પરમાણુઓ પોતામય કરે છે અને તેને મલિન કરે છે, અને તેની અં-તર્ગત રહેલી આત્મિક શક્તિઓનો અવરોધ કરે છે. તે શક્તિઓનો વિકાસ બંધ કરે છે–તે શક્તિઓને આવરી દે છે. જૈનો આ બાબત ઉપર બહુ જ ભાર મૂકીને પોતાના ગ્રંથોમાં વિચારો જણાવે છે, અને સ્પષ્ટ રીતે કહે છે કે કર્મ તે પુદ્‌ગળ-માંથી ઉત્પન્ન થયેલ છે–તે પૌદ્‌ગળિક પરમાણુઓ છે. જેમ હવે પછી કહેવામાં આ-વશે તે દૃષ્ટાંતો ઉપરથી સમજાશે તેમ આ બાબત એક અલંકાર–ઉપમારૂપે નહિ, પણ બરોબર મૂળ અર્થથી સમજી શકાય તેવી છે. આત્મા અગર જીવ તે મૂળરૂપે તદ્દન હલકો છે, અને તેનો સ્વભાવ ઉંચે ચઢવાનો (ઉર્ધ્વગામી) છે, પણ આ પૌદ્‌-ગલિક પરમાણુઓ, કે જેનાથી તે ઘેરાઇ ગયેલો હોય છે, તે પરમાણુઓ તેને નીચે દબાવી રાખે છે. તેના સ્વભાવ પ્રમાણે આત્માને કર્મો ઉંચે ચઢવા દેતા નથી. જ્યારે આ આત્મા કર્મપરમાણુઓનો સદંતર નાશ કરે છે, ત્યારે સૃષ્ટિના મથાળે–ઉપરના ભાગમાં સીધી લાઇનમાં તે ઉપર ચાલ્યો જાય છે–મુક્ત આત્માઓના શાંત સ્થળને–મુક્તિ–નિર્વાણને તે આત્મા પ્રાપ્ત કરે છે. વળી એક બીજો દાખલો વધારે સ્પષ્ટ કરવા માટે લઇએ.

આત્માની અંદર રહેલા કર્મપરમાણુઓ જુદી જુદી સ્થિતિ ધારણ કરે છે. તે આત્માના જુદા જુદા ગુણોને રોકે તેવી સ્થિતિમાં વહેંચાઇ જાય છે. કર્મપરમાણુઓ તે પાણીમાં રહેલા કાદવ જેવા છે, અને જેમ પાણીને હલાવ્યું હોય ત્યારે કચરા-વાળું પાણી દેખાય છે, તેમ આત્મા પણ જે કર્મ તે વખતે સ્થિતિમાં હોય તેનાથી અસર કરાતો હોય છે, અથવા તો જેમ હલાવ્યા વગરના પાણીમાં કચરો નીચે બેઠેલો હોય છે. તેમ કર્મો પણ આત્મા સાથે ચોંટેલા હોય છે–પણ સ્થિતિ પરિપક્વ થયા પહેલાં તેની આત્મા ઉપર અસર થતી નથી–તે શાંત પડ્યા રહેલા હોય છે. અથવા જેવી રીતે કચરો દૂર કર્યા પછી પાણીને ગળી લેવામાં આવે છે ત્યારે તે ચોખ્ખું નિ-ર્મળ પાણી થાય છે તેમ કર્મો પણ ભોગવાઈ રહ્યા પછી ખરી ગયેલા હોય છે–તેનો નાશ થઇ ગયેલો હોય છે. અહીં એટલું સ્પષ્ટ ધ્યાનમાં રાખવાનું છે કે કર્મો પણ પૌદ્‌ગળિક પરમાણુઓ જ છે. જો કે દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણેના પાણીના કચરા કરતાં અતિશય વધારે સૂક્ષ્મ-સ્થૂળ દૃષ્ટિને અગોચર હોય છે–પણ તે પરમાણુઓ જ છે. વળી એક ત્રીજા દૃષ્ટાંત તરીકે હું છ લેશ્યા અગર તો આત્માની કર્માનુસાર દેખાતી જુદી જુદી આકૃતિ તરફ તમારૂં લક્ષ ખેંચું છું.

આ છ લેશ્યાઓ, કે જેને આપણે સામાન્ય સંસારી મનુષ્યો આપણી સ્થૂળ દૃષ્ટિથી જોઇ શકતા નથી, તેઓ પૃથક્ પૃથક્ રંગની સર્વથી કાળી અને સર્વથી ઉજ્વળ–શ્યામતમ અને શ્વેતતમ હોય છે. આ મત આજીવિક મતવાળાઓ પણ સ્વીકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, કે જેના ઉપર ડૉ૦ હોર્નલે ઘણું અજવાળું પાડયું છે. (ધર્મ અને નીતિની એન્સાઇક્લોપીડીઆ પૃષ્ટ–૨૫૯ થી. ) આત્મા ઉપર આ પૃથક્ પૃથક્ રંગો જે થાય છે તે જે કર્મો રંગ પાડવાનું જુદું કાર્ય કરે છે તે કર્મોને લીધે થાય છે. જેવાં કર્મો આત્માને લાગે છે તેવાં રંગનો આત્મા દેખાય છે. આ બાબત સ્પષ્ટ રીતે સાબીત કરે છે કે આત્માને લગતાં કર્મનાં પરમાણુઓ પૌદ્ગલિક છે. અપૂર્ણ.

કાપડિયા નેમચંદ ગીરધરલાલ.

---

# પ્રાકૃત ભાષાનું મહત્ત્વ.

સંસ્કૃત અને પ્રાકૃત, એમ બે પ્રકારની ભાષાઓમાં સંસ્કૃત ભાષા વધારે મહત્ત્વવાળી, વધારે સરસ અને વધારે મધુર છે એમ વર્ત્તમાન પ્રવૃત્તિ ઉપરથી જોઇ શકાય છે. પરન્તુ વાસ્તવમાં તેમ નથી. પ્રાકૃત ભાષાનો અમુક સમય પછી પ્રચાર કમ થઈ જવાથી અથવા સંસ્કૃતનો બહોળો ફેલાવો થવાથી ત્હેને (પ્રાકૃતભાષાને) કમ મહત્ત્વવાળી સમજવી, એ પોતાની તે પ્રત્યેની અનભિજ્ઞતાને ઢાંકવા બરાબર છે. પ્રાચીન ઋષિઓ–મહર્ષિઓએ જેટલું સંસ્કૃતને માન આપ્યું છે, તેટલુંજ બલકે તેથી પણ અધિક માન પ્રાકૃતને આપ્યું છે. આ વાતની સાક્ષી, જૈન ધર્મગ્રન્થોનો જે મ્હોટો ભાગ પ્રાકૃતભાષામાં યોજાયેલો અસ્તિત્વ ધરાવે છે તેજ બતાવી આપે છે. અને તે ઉપરાન્ત પરમપૂજ્ય સિદ્ધર્ષિગણિ મહારાજનાં વચનો પણ આ વાતને પુષ્ટ કરે છે. સિદ્ધર્ષિગણિ મહારાજ પોતાની '**ઉપમિતિભવપ્રપંચા કથા**' ના પ્રથમ પ્રસ્તાવમાં કથે છે:—

"संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः ।
तत्रापि संस्कृता तावद्दुर्विदग्धहृदि स्थिता ॥ ५१ ॥
बालानामपि सद्बोधकारिणी कर्णपेशला ।
तथापि प्राकृता भाषा न तेषामपि भासते" ॥ ५२ ॥

અર્થાત્—સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓ પ્રધાનપણાને યોગ્ય છે, તેમાં પણ ( કેવળ ) સંસ્કૃત ભાષા દુર્વિદગ્ધ પુરૂષોના હૃદયમાં સ્થિત હોય છે, અને પ્રાકૃતભાષા ( તો ) બાલકોને પણ સદ્બોધકારિણી અને કર્ણપેશલા હોય છે. તથાપિ તે ( પ્રાકૃતભાષા ) દુર્વિદગ્ધ પુરૂષોને રોચતી નથી.

સિદ્ધર્ષિગણિ મહારાજનાં આ વચનોનો સ્પષ્ટાર્થ જોતાં આપણને સહજ માલૂમ પડે છે કે—સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓ એક સરખી રીતે પ્રધાનપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણાને યોગ્ય છે. પરન્તુ પોતાને 'પંડિત' માની બેઠેલા (દુર્વિદગ્ધો) સંસ્કૃતને વધારે માન આપે છે. અહિં 'દુર્વિદગ્ધ' શબ્દથી કેવળ 'સંસ્કૃત'નેજ માન આપવાવાળાઓ પરત્વે સિદ્ધર્ષિગણિ મહારાજ આક્ષેપ કરે છે. કેમકે પ્રાકૃતનું મહત્ત્વ બતાવતાં આગલા પદમાં તેઓ એમ બતાવે છે કે:—'**बालानामपि सद्बोधकारिणी कर्णपेशला**' અર્થાત્ પ્રાકૃતભાષા બાળકોને પણ (અહિં 'પણ' શબ્દ 'પંડિતો'ને ગ્રહણ કરવાનું સૂચવે છે.) સદ્બોધ કરવાવાળી અને કર્ણપ્રિય છે. છતાં પણ પ્રાકૃત ભાષા તેઓને (દુર્વિદગ્ધોને) રોચતી નથી. આટલું છતાં પણ સિદ્ધર્ષિ મહારાજે સંસ્કૃતમાં કથા લખી, ત્હેમાં તેઓએ એજ કારણ બતાવ્યું છે કે—'**उपाये सति कर्त्तव्यं सर्वेषां चित्तरञ्जनम्**' અગર ઉપાય હોય તો દરેકનું ચિત્ત રંજન કરવું જોઇએ. આજ કારણથી ત્હેમણે સંસ્કૃતમાં લિપિબદ્ધ કરી પરન્તુ આથી પ્રાકૃતનું મહત્ત્વ ઓછું છે એમ લગારે સમજવાનું નથી. અગર સંસ્કૃત કરતાં પ્રાકૃતનું મહત્ત્વ ઓછું હોત, તો સિદ્ધર્ષિમહારાજ બાળક અને પંડિતથી અતિરિક્ત એક ત્રીજો વર્ગ '**દુર્વિદગ્ધ**' બતાવવાનો અહિં પ્રયત્નજ કરત નહિં.

પ્રાકૃત ભાષાને સિદ્ધર્ષિ મહારાજે 'કર્ણપેશલા' પણ બતાવી છે. બરેખર પ્રાકૃતભાષાનો જેણે સારી રીતે અભ્યાસ કર્યો હોય, તેના ઉચ્ચાર જેને બરાબર આવડતા હોય અને પ્રાકૃતભાષાના જૂદા જૂદા છંદોમાં જે ગાઈ શકતો હોય, તેજ તેનો યથાર્થ આસ્વાદ લઇ શકે છે, અને સાંભળનારાને પણ પ્રાકૃત ભાષા જે અપૂર્વ આનંદ આપી શકે છે, તેનાથી સંસ્કૃત કોઇ અંશે કમ આપે છે, એમ કહીએ તો તે કંઇ ખોટું નથી. મધુર સ્વરે, છંદોના બરાબર ઉચ્ચારણ અને રાગપૂર્વક પાક્ષિક પ્રતિક્રમણમાં '**अजितशांति स्तवन**' ગાનારો શું આખી સભાને ચિત્રવત્ સ્થિર નથી કરી નાખતો? અસ્તુ!

હવે કેટલાકોનું એમ માનવું છે કે—"પ્રાકૃતભાષા જૈનોનીજ ભાષા છે, જૈનાચાર્યોએજ તે ભાષાને વધારે માન આપ્યું છે, અથવા તેઓજ તેનો વધારે પ્રચાર કરી શક્યા છે." પરન્તુ તેમ નથી, 'ભાષા' એક એવી વસ્તુ છે, કે તે કોઈ પણ 'જાતિ' યા 'સંપ્રદાય'ની ભાષા તરીકે લેખી શકાયજ નહિ. હા, દેશભાષાઓ દેશની ભાષા તરીકે લેખી શકાય. જેમકે બંગાળની 'બંગાળી', ગુજરાતની 'ગુજરાતી' વિગેરે. પરન્તુ 'પ્રાકૃત' અને 'સંસ્કૃત' ભાષા, કે જે પ્રધાન ભાષાઓ ગણાય છે અને જે દુનિયાના કોઇપણ માણસો શિખવાને માટે અધિકારી છે ત્હેને અમુકની ભાષા તરીકે ઓળખવી, એ એક જાતની ભૂલ નહિ, તો તદ્વિષયક અજ્ઞાન તો ખરૂંજ. જેણે પ્રાકૃત ભાષાનો સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે આસ્વાદ લીધો છે, તે તો કોઈ દિવસ એમ માનતાજ નથી કે-" પ્રાકૃત ભાષા જૈનોની ભાષા છે. " તેમ એમ પણ માનતા નથી કે—" સંસ્કૃત કરતાં તેનું મહત્ત્વ ઓછું છે. " તેઓ તો ખુલ્લા શબ્દોમાં તેના મહત્ત્વને બરાબર સ્વીકારેજ છે.

' ઇંડિયન એંટિકવેરી ' ના ગત સપ્ટેમ્બર સને ૧૯૧૬ ના અંકમાં પૃષ્ઠ ૧૪૫ માં ' શંભુરહસ્ય ' નામના એક જૈનેતર ગ્રંથના કેટલાક શ્લોકો આપી પ્રાકૃતભાષાની મહત્તા બતાવી છે. તે શ્લોકો આ છેઃ—

" वचः प्रियं भगवतः प्राकृतं संस्कृतादपि ।
प्रौढोक्तेरपि हृद्यं हि शिशूनां कलभाषितम् ॥ १२ ॥
को विनिन्देदिमां भाषां भारतीमुग्धभाषितम् ।
यस्याः प्रचेतसः पुत्रो व्याकर्ता भगवानृषिः ॥ १३ ॥
गार्ग्यगालवशाकल्यपाणिन्याद्या यथर्षयः ।
शब्दराशेः संस्कृतस्य व्याकर्तारो महत्तमाः ॥ १४ ॥
तथैव प्राकृतादीनां षड्भाषाणां महामुनिः ।
आदिकाव्यकृदाचार्यो व्याकर्ता लोकविश्रुतः ॥ १५ ॥
यथैव रामचरितं संस्कृतं तेन निर्मितम् ।
तथैव प्राकृतेनापि निर्मितं हि सतां मुदे ॥ १६ ॥
यावत् संस्कृतभाषायाः प्राशस्त्यं भुवि विद्यते ।
तावत् प्राकृतभाषाया अपि प्राशस्त्यमिष्यते ॥ १७ ॥
पाणिन्याद्यैः शिक्षितत्वात् संस्कृती स्याद्यथोत्तमा ।
प्राचेतसव्याकृतत्वात् प्राकृत्यपि तथोत्तमा ॥ १८ ॥
तस्मात् संस्कृततुल्यैव प्राकृती चापि भारती ।
मान्यते शास्त्रतत्त्वज्ञैः किमतत्त्वज्ञभाषितैः " ॥ १९ ॥

અર્થાત્—પૂજનીય સંસ્કૃતભાષાથી પણ પ્રાકૃત વચન પ્રિય હોય છે, કેમકે પ્રૌઢ બોલનાર કરતાં પણ બાલભાષિત મનોહર લાગે છે. ૧૨

સરસ્વતીના મુગ્ધ ભાષણરૂપ આ ભાષાની ( પ્રાકૃતની ) કોણ નિંદા કરે ? કે જેનું વ્યાકરણ કરનાર પ્રચેતાનો પુત્ર ( વાલ્મિક ) ઋષિ છે. ૧૩

જેમ ગાર્ગ્ય, ગાલવ, શાકલ્ય અને પાણિનીઆદિ ઋષિઓ સંસ્કૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાકરણના કર્તા થયા, તેવી રીતે પ્રાકૃતાદિ છ ભાષાઓના વ્યાકરણના કર્તા પણ આદિકવિ સુપ્રસિદ્ધ આચાર્ય ( **વાલ્મિક ઋષિ** ) થયા છે. ૧૪–૧૫

જેવી રીતે સંસ્કૃતમાં તેમણે ' **રામચરિત્ર** ' બનાવ્યું છે, તેવી રીતે પ્રાકૃતમાં પણ બનાવ્યું છે. ૧૬

યાવત્ સંસ્કૃત ભાષાનું જેટલું પ્રશસ્તપણું જગત્માં વિદ્યમાન છે, તેટલુંજ પ્રાકૃત ભાષાનું પણ છે. ૧૭

પાણિન્યાદિ શિક્ષિત હોવાથી જેમ સંસ્કૃત ભાષા ઉત્તમ ગણાય છે, તેમ વાલ્મિકે વ્યાકરણ બનાવેલ હોવાથી પણ પ્રાકૃત ઉત્તમ છે. ૧૮

અત એવ—સંસ્કૃતની બરાબર જ પ્રાકૃત ભાષા છે, એમ શાસ્ત્રના તત્ત્વજ્ઞ પુરૂષો માને છે; તો પછી અતત્ત્વજ્ઞ પુરૂષોના બોલવા વડે કરીને શું ? ૨૦

ઉપરના શ્લોકોના અર્થ ઉપરથી એમ ચોક્કસ જોઇ શકાય છે કે–પ્રાકૃત ભાષા, સંસ્કૃત કરતાં કોઇ પણ દરજ્જે હલકી–કમ મહત્ત્વવાળી નથી, એમ જૈનોજ નહિ. પરન્તુ હિન્દુધર્માનુયાયી વિદ્વાનો અને ઋષિઓ પણ સ્વીકાર કરી ગયા છે.

**વિદ્યાવિજય.**

## યાત્રિક બંધુઓ અને બ્હેનોને નિઃસ્વાર્થ ભાવે નમ્ર નિવેદન રૂપે અતિ અગત્યની સૂચનાઓ.

ભવસાગર તરવા માટેજ ભવ્ય જનોએ તીર્થસેવન કરવાનું છે તેમાં શત્રુંજય, ગિરનાર પ્રમુખ **સ્થાવરતીર્થ** છે અને ઉત્તમ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ એ **જંગમતીર્થ** રૂપ છે. તેની સેવા–ભક્તિ યથાવિધિ કરવાથી જરૂર કલ્યાણ થાય છે.

શરીરશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ, ઉપગરણશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ, અને વિધિશુદ્ધિ, એ સાત પ્રકારની શુદ્ધિ સહુએ યથાયોગ્ય સાચવીને અતિ આદર પૂર્વક દેવ ગુરૂ તેમજ તીર્થની સેવાભક્તિ કરવાની છે.

તે પણ દગ્ધદોષ ( અન્ય અન્ય બાબતમાં લક્ષ ), શૂન્યદોષ ( ઉપયોગ રાખ્યા વગર ), અવિધિદોષ ( અસ્ત વ્યસ્ત–ન્યૂનાધિક ) અને અતિપ્રવૃત્તિદોષ ( હદ મર્યાદા મૂકી ગજા ઉપરાંત કરવું તે ) તજીનેજ કરવા યોગ્ય છે. દોષ રહિત–નિર્દોષ કરણી ત્યારેજ બની શકે છે.

દેવગુરૂનાં કે તીર્થરાજનાં દર્શનાદિ પ્રસંગે જતાં આવતાં કોઇપણ પ્રકારની વિકથાઓ ( કુથલીઓ ) કરવી કેવળ અનુચિતજ છે. વિકથા કરવાથી સ્વપરને ( પોતાને તથા સામાને ) લાભને બદલે નુકશાનજ થાય છે. એમ કરવાથી લેવાને બદલે દેવું થાય એ વિચારવાનું છે. ઇચ્છિત કાર્યમાંજ પોતાનું મન પરોવી દેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાંઇ કરવું તે બીજાને કીલામણા ઉપજાવ્યા વગરજ કરવાનું શાસ્ત્રફરમાન લક્ષમાં રાખીનેજ દેવ ગુરૂ કે તીર્થ ભક્તિનો લાભ લેવાનો છે. તેથી તેવા દરેક પ્રસંગે નીચે જણાવેલી હકીકત જરૂર લક્ષમાં રાખવી.

(૧) ભાવ–ઉલ્લાસની વૃદ્ધિ થવા માટે દેવગુરૂ કે તીર્થનાં દર્શનાદિ કરવા જતાં વાટમાં જયણા સચવાય, જીવવિરાધના ન થાય અને શાસ્ત્ર આમ્નાય પળે તેવી રીતે ઠીક સૂર્ય–પ્રકાશ થયે છતે, નીચે દ્રષ્ટિ રાખીનેજ ચાલવું. ખાસ કારણ વગર ગાડીમાં કે ડોળીમાં બેસવું નહિ.

(૨) ઉપર જણાવ્યા મુજબ શરીરની અને વસ્ત્રની શુદ્ધિ સાચવી મનને એકાગ્ર કરવું. મનને જ્યાં ત્યાં દોરાવા દેવું નહિ. તેને શુભ ધ્યાનમાંજ જોડીને રોકી દેવું.

(૩) માર્ગમાં જતાં જે કોઇ આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા મળે તેમને ગુણના બહુમાનપૂર્વક ઉચિત પ્રણામાદિ કરવા ચૂકવું નહિ.

(૪) બાળ, ગ્લાન, વૃદ્ધ, તપસ્વી સાધુ પ્રમુખનું યોગ્ય સન્માન કરવું, અને તેમને શાતા ઉપજે એવી વિશ્રામણા વૈયાવચ્ચ પણ કરવી.

(૫) જિન ચૈત્ય, ચરણપાદુકા પ્રમુખનો નમસ્કારાદિવડે યથોચિત વિનય કરવા ભૂલવું નહિ.

(૬) દેવ, ગુરૂ, તીર્થ પ્રમુખની કોઇપણ પ્રકારે આશાતના ન થાય તેવું લક્ષ રાખવું અને કાંઇ આશાતના થયેલી દેખાય તો તે દૂર કરવી–કરાવવી.

(૭) રાગ દ્વેષ–કષાય દૂર કરવા જતાં તેવા પવિત્ર સ્થાને અવિવેક આચરણથી તેજ રાગ દ્વેષાદિક દોષ પેદા થાય અને વધે એમ તો ન જ કરવું. કેમકે પવિત્ર ( તીર્થ ) સ્થાને લાગેલ દોષ વજ્રલેપ તુલ્ય થાય છે.

(૮) જેમ આપણા વિચાર, વાણી અને આચાર સુધરે–પવિત્ર થાય તેમ લક્ષ રાખી પ્રવર્ત્તવું પણ સ્વચ્છંદપણું આદરવું નહિ.

(૯) જેમ બને તેમ ઇન્દ્રિયોને લગામમાં રાખી સ્વઉચિત હિતકાર્ય કરવું. તેમને સાવ મોકળી તો ન જ મૂકવી.

(૧૦) સહુ કોઇને નિજ આત્મા સમાન લેખી નિર્મળ પરિણામ રાખવા.

(૧૧) નિર્મળ શ્રદ્ધા ( સમકિત ) સહિત તપ જપ વ્રત નિયમ કરવામાં અધિક આદરવંત થવું. સુખશીલપણું–કાયરપણું તજી શૂરવીર બનવું. છતી શક્તિ ગોપવવી નહિ, કેમકે ફરી ફરી સુયોગ મળવો દુર્લભ જ છે.

(૧૨) દરેક ધર્મકરણી કરવાના હેતુ પ્રમુખ ગુરૂગમ્ય સમજી, તેનો આદર કરવા પોતાની યોગ્યતા સંબંધી સંમતિ મેળવી, આજ્ઞાનુસારે પ્રવૃત્તિ કરાય તેવું લક્ષ રાખવું. સ્વયોગ્યતા મુજબ યથાવિધિ કરેલી કરણી જ લેખે થઇ શકે છે.

(૧૩) અરિહંત પ્રભુનો અનંત ઉપકાર વિચારીને તેમની દ્રવ્યભાવથી પૂજન–ભક્તિ સ્વ-શક્તિ અનુસારે કરવી, કરાવવી, અને તેને અનુમોદવી. ( વીર્ય ગોપવવું નહીં. )

(૧૪) પંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી, એકવીશ પ્રકારી, અષ્ટશત પ્રકારી (અષ્ટોત્તરી) પ્રમુખ દ્રવ્યપૂજા પૈકી પોતાનાથી બની શકે તે પ્રભુપૂજા આદરથી કરવા. સ્વન્યાય દ્રવ્યની સફળતા કરવા એ વિહિત માર્ગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૫) પવિત્ર ( તીર્થ ) જળ, શીતળ ચંદન અને સાચાં તાજાં સુગંધી પુષ્પોવડે પ્રભુની અંગપૂજા તથા ખુશબોદાર ધૂપ, દીપક, અક્ષત, નૈવેદ્ય અને સરસ ફળવડે અગ્રપૂજા કરવાથી અષ્ટપ્રકારી પૂજા કહેવાય છે અને એ ભાવ સહિત કરનારા સુગુણી ભાઇઓ અને બ્હેનો એથી અનુપમ લાભ મેળવી શકે છે.

(૧૬) અરિહંત પ્રભુના ઉત્તમ આલંબન યોગે ઉક્ત અષ્ટપ્રકારી પૂજાવડે અનુક્રમે સ્વદોષશુદ્ધિ, કષાયશાન્તિ, ચિત્ત પ્રસન્નતા, સુવાસના, સમ્યગ્જ્ઞાન–પ્રકાશ, નિર્મળ શ્રદ્ધા, મનઇન્દ્રિયજય અને અક્ષયપદ–મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે. આવા પવિત્ર હેતુથી જ પ્રભુપૂજા કરવાની છે.

(૧૭) દ્રવ્યપૂજા થઇ રહ્યા બાદ, એક પ્રભુ સન્મુખ જ દ્રષ્ટિ રાખીને, ગંભીર અને મધુર શબ્દધ્વનિ યુક્ત ઉદાર અર્થ વાળાં ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવનાદિક કરવા રૂપ ભાવપૂજા કરી છેવટે ' જયવીયરાય ' ના પાઠ રૂપે પ્રભુ પ્રાર્થના કરવી. આ બધી કરણી મન વચન કાયાની એકાગ્રતા રાખીને જ કરવાની છે. એમ કરવાથી લોકોત્તર–પ્રધાન પદની પ્રાપ્તિ થઇ શકે છે.

(૧૮) પ્રભુના ગુણમાં લીનતા થવા માટે, પ્રમાદ રહિત, યથોચિત યોગમુદ્રાદિકમાં આદર રાખી, આપણાથી ગુણાધિક ( ગુરૂ પ્રમુખ ) ને આગળ કરી, વિનય બહુમાન સાચવી, શાન્ત ચિત્તથી, ચૈત્યવંદનાદિ કરવું. મનમાં કોઇ પણ પ્રકારે વ્યગ્રતા થવા દેવી નહિ.

(૧૯) ઉપર કહેલો આશય સમજ્યા વગર, જેમ આવે તેમ, વિવેક રહિત, ગુરૂ પ્રમુખ વડીલની આગળ બેસી, મોટા ઘાંટા પાડી, બીજાના ધ્યાનમાં અંતરાય પડે એમ, બેતાલ, અશુદ્ધ સ્તવનાદિ બોલવાની ટેવ પડી હોય તે તજવી જોઇએ; અને–મીઠા ધીમા રાગે શુદ્ધ બોલતાં શીખવું જોઇએ.

(૨૦) દ્રવ્ય–ભાવ પૂજા કરીને પણ પોતાના આત્માને જ જગાડવાનો છે. મદ્ય, વિષય, કષાય, નિદ્રા–( આળસ ) અને વિકથાદિ પ્રમાદ દોષથી પોતાને જ મુક્ત કરવાનો છે. તેમ કરવાના પવિત્ર લક્ષથી જ કલ્યાણ થઇ શકે છે; અન્યથા કલ્યાણ થવું મુસ્કેલ છે.

(૨૧) સ્વપરને ભાવ ઉલ્લાસ પ્રગટે તેટલા પૂરતો સમય દ્રવ્યપૂજામાં લક્ષ સહિત જ વીતાવવા યોગ્ય છે. લક્ષ વગર વ્યતીત કરેલો વખત નકામો જાય છે. અવિધિ દોષ તો જેમ બને તેમ તજવા અને વિધિનો આદર કરવા જરૂર ખપી થવું સુજ્ઞ જનોને ઉચિત છે.

( ૨૨ ) અંગ રચના ( આંગી ) કરતાં, ફૂલની કાચી કળી, વાસી, બગડેલાં, નીચે પડી ગયેલાં, મલીન વસ્ત્રાદિકવડે આણેલાં અને જીવાતથી ભરેલાં ફૂલ કે તેવાં ફૂલની માળા પ્રભુ ભક્તિમાં નહિ વાપરતાં, ઉત્તમ પ્રકારનાં શુદ્ધ ફૂલ તેમજ તેવાંજ ફૂલની માળા વપરાય; તેપણ સોયવતી વીંધ્યા વગર જ કાચા સૂત્રવતી ઢીલી ગાંઠ દઇને જ તૈયાર કરેલી હોય તેવી જયણાથી ગુંથેલી ફૂલની માળા પ્રભુના કંઠે સ્થાપી શકાય. સોયવતી વીંધેલાં ફૂલના હાર પ્રભુ ઉપર ચઢાવવાનો રીવાજ આજકાલ અણસમજથી વધી ગયેલો દેખાય છે તે બીલકુલ પસંદ કરવા જેવો નથી. કેમકે તેમાં જિનાજ્ઞાનું ઉલ્લંઘન છે. આપણા કરતાં વધારે સુકુમાલ એવા પુષ્પના જીવોને એથી કેટલી બધી કીલામણા થતી હશે ? તેનો ખ્યાલ કરવામાં આવશે તો એ રીવાજ સહેજે દૂર થઇ શકશે. પોતાના પ્રાણની જેવા અન્યના પ્રાણ સમજનારને વધારે કહેવું પડે નહિ.

( ૨૩ ) ફૂલની પાંખડીઓ પણ છૂટી કરી નાંખવી નહિ, તેમજ તેને પગતળે કચરવી નહિ તો પછી સોયની તીક્ષ્ણ અણીવતી તેનું છેદન ભેદન તો કેમજ કરાય ? છેદન ભેદન કરેલા ફૂલહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચઢાવવા તે કરતાં શુદ્ધ અને સરસ ફૂલો છૂટાં છૂટાં જેમ શોભનિક લાગે તેમ પ્રભુના અંગઉપર ગોઠવી દેવાં વધારે ઉત્તમ લાભકારક અને આનંદ દાયક હોવાથી હિતકારી સમજાય છે. તે સહુએ લક્ષમાં રાખવું. વિધિ સહિત કરેલી ભક્તિ જ લેખે થાય છે. આજ્ઞામાંજ ધર્મ છે.

( ૨૪ ) બીજા દીવસે નિર્માલ્ય થયેલાં તે ફૂલ કે ફૂલમાળ જેમ તેમ જ્યાં ત્યાં ફેંકી દેવાં નહીં, તે બધાંય જાળવીને મોરપીંછીવતી ઉતારી લઇ એવા સ્થળે રાખવાં કે જ્યાં તે કચરાય નહિ. તેમજ તેમાં ચોંટી રહેલા કોઇપણ ત્રસ જીવને તાપ–તડકાદિકથી વ્યથા થાય નહિ. ન્હવણ-ની કુંડીમાં તો તે નાંખવાજ નહીં; જુદાંજ રાખવાં. સ્નાત્રપૂજા પ્રસંગે પણ એ વાત લક્ષગત રાખવી.

( ૨૫ ) જેમ જેમ જયણા અધિક પળે તેમ તેમ તે પાળવા દરેક ભક્તિ પ્રસંગે ખૂબ લક્ષ રાખવું, અને ભક્તિ રસિક ભાઇબ્હેનોનું દીલ દુઃખાય એવું કંઇપણ નહિ કરતાં તેમનું મન પ્રસન્ન થાય એવું જ પવિત્ર આચરણ કરવું. દર્શન, વંદન કે પૂજા કરતાં એકબીજા ઉપર ધક્કાધક્કી કરવી નહિ પણ અનુકૂળ સમય (તક) મળતાં સુધી કોઇએક એકાન્ત સ્થળમાં પ્રભુનું ધ્યાન ધરવું.

( ૨૬ ) ભક્તિમાંથી નિવૃત્ત થતાંજ સાંસારિક કામમાં રંગાઇ જવું નહિ. જો ભક્તિનો રસ આસ્વાદ ( અનુભવ ) બરાબર કર્યો જ હોય તો તેની ખુમારી એકાએક ઉતરી જતી નથી; તે પછી પણ કેટલાક વખત સુધી ટકી રહે છે. તે ( અનુભવ ) નું સુખ તો ખરેખર અનુભવીજ જાણી શકે છે. શુદ્ધ–સરલ હૃદયવાળા શ્રદ્ધાવંત પ્રેમાળ ભક્તજનને જ પ્રમાદ રહિત ભક્તિમા-ર્ગમાં પ્રવર્તતાં એવો અનુભવ ( રસ આસ્વાદ ) પ્રાપ્ત થઇ શકે છે. હૃદયશુદ્ધિ કરવાની તો ખાસ જરૂર રહે છે.

( ૨૭ ) જેમ મોર મેઘને દેખી, ચકોર ચંદ્રને દેખી, અને સતી નિજ પતિને દેખી રાજી–આનંદિત થાય છે, તેમ ભક્તિરસિક અને શુદ્ધ શ્રદ્ધાવંત ભવ્ય જનો પણ શુદ્ધ દેવ, ગુરૂ અને સાધર્મિક જનોને નિરખી આનંદિત થાય છે. નિજ નેત્રયુગલને સફળ–સાર્થક માને છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

## શ્રી આગમોદયસમિતિ અંતર્ગત સૂત્ર વાંચના.

પરમપૂજ્ય ગણધર મહારાજા અને મહાન્ પૂર્વાચાર્યો વિરચિત સૂત્રો અને તેની પંચાંગી-ની વાંચનાનું કાર્ય બે ત્રણ વર્ષથી પંન્યાસજી શ્રીઆણંદસાગરજી મહારાજના પ્રયાસથી શરૂ થયેલ છે. અને જેની અંદર પૃથક્ પૃથક્ સમુદાયના અનેક સાધુ–સાધ્વીઓ અસ્ખલિતપણે વાંચના ગ્રહણ કરે છે. તેના સંમેલન પાટણ, કપડવંજ અને અમદાવાદમાં થયા બાદ હાલ-માં સુરત ખાતે પોસ વદિ ૧૩ થી શરૂ થયેલ છે. અપૂર્ણ રહેલ શ્રીવિશેષાવશ્યક ઉપરાંત અન્ય સૂત્રની વાંચના પણ ચાલવાની છે. કેટલાક મુનિરાજ પધારેલા છે અને બીજા પધારવાના છે. આવા સંમેલનથી સૂત્રવાંચનાના લાભ ઉપરાંત અન્ય પણ ઐક્યતાદિ અનેક લાભ થાય છે, તેથી સૂત્ર વાંચનાના ઇચ્છક સાધુ–સાધ્વીઓ પ્રત્યે સમિતિ તરફથી સુરત પધારવાની પ્રાર્થના કરવામાં આવે છે. અનેક સૂત્રોની પ્રેસકોપી તૈયાર કરાવવાનું, શુદ્ધ કરવાનું, પ્રુફો તપાસવાનું વિગેરે કાર્ય પણ ત્યાંજ ચાલવાનું છે. યથામતિ તેમાં પણ ભાગ લેવા યોગ્ય છે. આત્મશક્તિનો એ સદુપયોગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડનો સંવત્ ૧૯૭૨ ની સાલનો સામાન્ય રીપોર્ટ તથા હિસાબ.

શ્રીમાન્ પંન્યાસજી શ્રીઆનંદસાગરજી ગણિના ઉપદેશથી, શા. ગુલાબચંદ દેવચંદ ઝવેરીની સમ્મતિથી અને મર્હૂમ શેઠ દેવચંદ લાલભાઇ ઝવેરીએ ધર્માર્થે કાઢેલી રકમમાંથી તેઓના ટ્રસ્ટીઓ નગીનભાઇ ઘેલાભાઈ, જીવણચંદ સાકરચંદ, કેશરીચંદ રૂપચંદ અને બાઇ વીજકોર, તેઓએ સને ૧૯૦૯ માં સ્થાપ્યું.

શા. ગુલાબચંદ દેવચંદ તરફથી મર્હૂમના પુન્યાર્થે આવેલી, અને બાઇ વીજકોર શા. મૂળચંદ નગીનદાસની વિધવાની રકમોથી વધીને આનું ભંડોળ રૂ. ૧૦૦૦૦૦) એક લાખના આશરાનું થયું છે, જે તમામ મિલ્કત ગવર્નમેન્ટ પ્રોમિસરી ઠા ટકાની નોટોમાં રોકવામાં આવી છે.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મને અને તેનાં અનુયાયીઓને ઉપયોગી, તથા એનાં અનુયાયીઓથી લખાયેલાં-રચાયેલાં પ્રાચીન પુસ્તકોને, વ્યાજની રકમમાંથી, શુદ્ધ કરી છપાવી, ખર્ચ કરતાં લગભગ અડધી કિમ્મતે પ્રજા સન્મુખ મૂકવા, તેમજ પ્રાચીન પુસ્તકોને જાળવવાં એવો મુખ્ય ઉદ્દેશ આ ફંડનો છે.

સંવત્ ૧૯૭૨ ની સાલનો ટુંકો રીપોર્ટ અને હિસાબ પ્રજા પાસે મૂકતાં અમોને આનંદ થાય છે કે, આ વર્ષમાં અમો ૧૧ અંકો છપાવીને બહાર પાડવા ભાગ્યશાળી થયા છિયે, એટલે કે સં. ૧૯૭૧ સુધીમાં અમોએ ૨૭ અંકો છપાવ્યા હતાં જે આ સાલમાં વધીને ૩૮ સુધી છપાયાં છે. માત્ર અંક ૨૮, ૩૨, અને ૩૫ પ્રેસમાંથી તૈયાર થઇને હજુ સુધી આવી શક્યા નથી.

આ વર્ષમાં અમોને જૂદા જૂદા ગ્રન્થો પ્રસિદ્ધ કરવામાં આચાર્યશ્રી બુદ્ધિસાગરજી સૂરિ, વિદ્દદ્વર્ય શ્રીકલ્યાણવિજયજી, શ્રીમાન્ લલિતવિજયજી, પંન્યાસજી શ્રીદાનવિજયજી, અને પંન્યાસજી શ્રીઆનંદસાગરજીની મદદ મળી હતી તે માટે અમો તેઓનો ઉપકાર માનીએ છિયે. જો આ કરતાં બીજા અન્ય વિદ્વાન સાધુઓ તરફથી અમોને વધારે મદદ મળી હતે તો આ કરતાં પણ જરૂર અમો બે ચાર અંકો વધારે છપાવી શકતે એવું અમારૂં મન્તવ્ય હતું. પરંતુ નાણા સંબંધીની સ્થિતિ તપાસતાં આખા વર્ષમાં રૂ. ૭૧૫૪-૨-૫ વ્યાજ ખાતાના, રૂ. ૨૮૧૧-૯-૩ પુસ્તક વિગેરેના વેચાણના અને રૂ. ૨૭૦-૧૩-૯ પરચુરણ ખાતાઓના જમે મળી રૂ. ૧૦૨૩૬-૯-૫ અમારા હાથ પર આવ્યા અને રહ્યા. જેમાંથી રૂ. ૮૧૫૯-૦-૯ ખર્ચખાતાના, રૂ. ૫૭૬-૧૫-૦ પ્રેસો વિગેરે પરચુરણ ખાતાઓનાં ઉધારના, રૂ. ૬૫૭-૮-૧૧ શ્રીલોનખાતાના (ફંડ ખાતાની જમે રકમ કરતાં વધારે લેવાયલી તે) મળી રૂ. ૯૩૯૩-૮-૮ બાદ જતાં, અમારા હાથ પર શા. ગુલાબચંદ દેવચંદ અને શા. માનચંદ વેલચંદના ખાતાઓ સહિત રૂ. ૮૪૩-૦-૯ રહ્યા, જેમાંથી રૂ. ૮૨૫ ને આશરે ગ્રન્થાંક ૩૯/૪૦ ની છપાઇના હાલ તુરતમાં અમારે ચૂકાવવાના હોવાથી, સદરહુ અમારૂં મંતવ્ય સાચું ઠરતું નથી, તો પણ સામાન્યપણે એટલું તો ખરૂં જ કે અમોને જો વિદ્વાન્ મુનિવર્ગ તરફથી વધુ સાહાય્ય પ્રત્યેક વર્ષે મલ્યા કરે તો વધારે સંગીન કાર્ય કરી શકીએ ખરા.

આ વર્ષમાં કાગળો અને છપાઇ ખર્ચ ઘણો મોંઘો હોવા છતાં પણ લગભગ રૂ. ૨૮૦૦) નું વેચાણ, રૂ. ૩૮૦૦) નું વ્યાજ અને રૂ. ૧૫૫૦) આશરે સં૦ ૧૯૭૧ ના વર્ષની વ્યાજની બાકીમાંથી ઉપાડતા રૂ. ૮૧૫૦) ખર્ચવા અમોને પાલવ્યા છે, કે જે રકમ અમારા આટલા વર્ષોનું ટોટલ જોતાં આ વર્ષમાં ઘણી વધારે છે. મોંઘા ભાવોને લીધે ખર્ચ વિશેષ થયો છે એ ખરૂં પણ જો જૂદા જૂદા સાધુઓની મદદ અમોને નહિ મળી હતે તો અમો આટલા અંકો નહીં જ છપાવી શકતે એ પણ ખરૂં જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદરહુ વર્ષથી શ્રીઆગમોદયસમિતિની સહાય્યથી અમોએ સારા ઉંચા કાગળો પર કેટલાક આગમો છપાવવાનું કાર્ય શરૂ કર્યું છે જેમાં અમો શ્રીઅનુયોગદ્વારસૂત્ર બે ભાગમાં સંપૂર્ણ અને શ્રીઉત્તરાધ્યયન સૂત્રના બે ભાગો છપાવી બહાર પાડી શક્યા છિયે. જ્યારે બીજા સાત ગ્રંથોમાં બે ગૂજરાતી કાવ્યનાં અને પાંચ સંસ્કૃત પ્રાકૃત.

સં૦ ૧૯૭૧ ની સાલ સુધીનો અમારો હિસાબ ઓડીટ કરી આપવા માટે આપણી શ્વે. કોન્ફ્રન્સ તરફથી નિમાયેલા ઓ૦ ઓડીટર શેઠ ચુનીલાલ નહાનચંદનો, તથા અન્ય મદદ કરનાર સાધુમુનિઓ, શ્રાવકો, પુસ્તક ભંડાર, અને લાયબ્રેરીના કાર્યવાહકોનો, તેમજ અમારો ૧૯૭૧ નો રીપોર્ટ—હિસાબ ફ્રી વહેંચવા બદલ પેપરો અને માસિકોના અધિપતિઓનો ઉપકાર માનીએ છીએ, અને ભવિષ્યમાં પણ તેઓ તેવી જ મદદ કર્યા કરશે તેવી ઉમેદ રાખીએ છિયે.

ચાલુ વર્ષમાં ૬૨૪ ગ્રન્થો અમારા તરફથી ભેટ મોકલવામાં આવ્યા છે જેનું લીસ્ટ પછાડી જોડવામાં આવ્યું છે.

ઘણાઓ તરફથી કથવામાં આવે છે કે " સવિગત હિસાબ બહાર નહિ પાડતા માત્ર સરવૈયું જ કેમ બહાર પાડવામાં આવે છે ? " આનું ઉત્તર હાલ તો એટલુ જ આપીશું કે " ઘણા ગ્રહસ્થો, જૂદી જૂદી સંસ્થાઓના લંબાણુ રીપોર્ટો અને હિસાબો ચાલૂ જમાનામાં પુષ્કળ બહાર પડતા હોવાથી સમયની ઓછાશને લીધે અગર તો ' એટલું લાંબુ ક્યાં તપાસવા બેશીયે ' એવા ઇરાદાથી હાથમાં પણ પકડતા નથી, તો તપાસવાની તો વાત જ શી ? આવી ઝાઝી વ્યક્તિને ખાતર માત્ર ટુંક રીપોર્ટ—હિસાબ આપવો અમોને દુરસ્ત લાગ્યો છે. બાકી સવિગત જોનારાઓ માટે અમારા ચોપડાઓ ખુલ્લા છે.

## સંવત્ ૧૯૭૨.

**જ**

| | | |
|---|---|---|
| ૧૦૪૪૦૯–૫–૧ | | શ્રી ફંડ ખાતે જમા ગયા વર્ષના બાકી. |
| ૭૧૫૪–૨–૫ | | શ્રી વ્યાજ ખાતે જમા. |
| | ૩૩૫૧–૩–૫ | ગયા વર્ષના બાકી. |
| | ૧૧–૯–૦ | પોષ શુદિ ૧ ને ગુરૂએ ઇસ્ટર્ન બેંકના ૭ માસના વ્યાજના. તારીખ ૩૧–૧૨–૧૫ સુધીના. |
| | ૧૮૮૧–૪–૦ | પોષ શુદિ ૮ ને બુધવારે ગવર્નમેન્ટ પ્રોમેસરી નોટ રૂ. ૧૦૭૫૦૦)ના ટકા ૩॥ લેખે માસ ૭ના તા. [illegible] |

**ઉ**

| | | |
|---|---|---|
| ૧૦૫૦૬૬–૧૪–૦ | | શ્રી ગવર્નમેન્ટ પ્રોમેસરી ટકા ૩॥ ના વ્યાજની નોટ ખાતે ઉધાર. ગયા વર્ષની બાકી. |
| ૧૯૩–૦–૦ | | શા. ગુલાબચંદ દેવચંદને ખાતે ઉધાર. |
| ૨૧૦–૧૨–૩ | | શા. માનચંદ વેલચંદ લાયબ્રેરીયનને ખાતે ઉધાર. પુસ્તકોના વેચાણમાંથી બાકી. |
| ૨૦૦–૦–૦ | | ધી નિર્ણયસાગર પ્રેસને ખાતે ઉધાર. |
| ૧૦૦–૦–૦ | | ધી ગૂજરાતી પ્રિં. પ્રેસને ખાતે ઉધાર ગયા વર્ષના બાકી. |
| ૫૭–૭–૬ | | ધી બ્રહ્મવાદીન પ્રિં. પ્રેસ મદ્રાસવાળાને ખાતે ઉધાર. |
| | ૫૭–૩–૬ | ગયા વર્ષના બાકી |
| | ૦–૪–૦ | રજીસ્ટર લેટર રૂપીયા મંગાવવા માટે લખ્યો તેના રજીસ્ટર સ્ટેંપના. |
| | ૫૭–૭–૬ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૮૧-૪-૦ જેઠ વદિ ૦)) ને શુક્રે તથા અશાઢ શુ. ૧૦ ને સોમવારે ગવર્ન મેન્ટ પ્રોમેસરી નોટ રૂ. ૧૯૭૫૦૦)ના ટકા ૩ાા પ્રમાણે વ્યાજના તારીખ ૩૧-૧૨-૧૫ થી તારીખ ૨૯-૬-૧૬ સુધીના.

૨૩-૩-૦ જેઠ વદિ ૦)) શુક્રવાર, ધી ઇસ્ટર્ન બેંકના ચાલુ ખાતાના વ્યાજના માસ ૭ ના તા. ૩૦-૬-૧૬ સુધીના.

૫-૧૧-૦ ભાદરવા વદિ ૭ ને સોમે બા. જે ઇસ્ટર્ન બેંકનું ખાતુ બંધ કર્યું તેના આજરોજસુધીના વ્યાજના.

૭૧૫૪-૨-૫

૨૭-૩-૦ શા. મગનલાલ વેલચંદને ખાતે જમા.

૪૧-૧૦-૬ શ્રીબનારસ યશોવિજયજી જૈન ગ્રન્થમાલાને ખાતે જમા. ગયા વર્ષના બાકી.

૧૦૦-૦-૦ શ્રીગણધર સાર્દ્ધ શતકને ખાતે જમા.

૩-૩-૦ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરને ખાતે જમા.

૯૮-૧૩-૩ શ્રી આગમોદયસમિતિને ખાતે જમા.

૧૧૧૮૩૪-૫-૩

૨૮૧૧-૯-૩ શ્રી ખરચ ખાતે જમા બા.

અમદાવાદને ખાતે ઉધાર ગયા વર્ષના બાકી.

૫૦-૦-૦ ધી બોમ્બે વૈભવ પ્રિં. પ્રેસને ખાતે ઉધાર ગયા વર્ષના બાકી.

૫-૧૫-૩ બુકસેલર બોટો હેરોસોવીટઝ લીપઝીક ( જરમનીવાળાને ) ખાતે ઉધાર. પુસ્તકો વેચવા મોકલેલા તેના (લડાઇને લીધે) ગયા વર્ષના બાકી.

૫૮-૮-૩ શ્રી અમદાવાદના ડહેલાના ઉપાશ્રયને ખાતે ઉધાર બા. જે પ્રતો મંગાવવા માટે ડીપોઝીટ ગયા વર્ષના બાકી.

૫-૦-૦ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાને ખાતે ઉધાર.

૧૦૬૦૮૭-૯-૩

૮૧૫૯-૦-૯ શ્રી ખરચ ખાતે ઉધાર બા. જે આખા વર્ષમાં પુસ્તકોની છપાઈ, પ્રેસકોપીની લખાઇ, કાગળો, બંધાઈ, પાટલીઓ, સ્ટેશનરી, લાયબ્રેરીના પુસ્તકો, લાયબ્રેરીયન તથા કલાર્કનો પગાર, લાયબ્રેરી માટે કબાટો, રેલ્વે નુર, પારસલ ચાર્જ, મજુરી, પોસ્ટેજ, ગાડીભાડું, બોણી, મનીઓર્ડર તથા વી. પી. ચાર્જ, જગાત, કસ્ટમ ડયુટી, મુકાદમી, ફોટાઓની છપાઇ. બ્લોક ખર્ચ, પેકીંગ, જાહેર ખબર તથા રીપોર્ટોની છપાઇ, કલાર્કને કપડવંજ મોકલ્યો તેનો રેલવે વિગેરેનો ખર્ચ, કલાર્કને પ્રમોશન, ગોડાઉન ભાડું અને વિમો ઇત્યાદિ ઇત્યાદિ ખર્ચના થયા તે.

૧૧૪૨૦૬-૧૦-૦

૪૩૯-૪-૬ શ્રી જણશ બાકી તથા ગવ૦ લોન રૂ. ૧૦૭૫૦૦ ની.

૧૧૪૬૪૫-૧૪-૬

## તથા જમા

વેચાણના, પરચુરણ કાગળોના વેચાણના, તથા ખોખાં અને પેકીંગ ચાર્જ વિગેરેના જમા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વ્યાજ ખાતાની તારીજ.

| | | | |
|---|---|---|---|
| ૭૨૫૪–૨–૫ | વ્યાજ ખાતે બાકી આસો વદિ ૦)) ને ગરેઉ. | ૮૧૫૯—૦–૯ | શ્રી ખરચ ખાતાની ઉધાર રકમ ઉધાર. |
| ૨૮૧૧–૯–૩ | શ્રી ખરચ ખાતાની જમા રકમ જમે. | ૧૮૦૬-૧૦-૧૧ | બાકી દેવા સં. ૧૯૭૩ ના કારતક શુદ ૧ ને શુકરે. |
| ૯૯૬૫–૧૧–૮ | | ૯૯૬૫–૧૧–૮ | |

હિસાબ તૈયાર કરનાર.
કલાર્ક શા. મગનલાલ વેલચંદની સહી.

ટ્રસ્ટીઓની સહી.

૧ નગીનભાઇ ગે. જવેરી. ૩ ગુલાબચંદ દેવચંદ. ૫ મંછુભાઇ સાકરચંદ.
૨ જીવણચંદ સાકરચંદ જવેરી. ૪ ફુલચંદ કસ્તુરચંદ.

સંવત્ ૧૯૭૩ ના કારતક વદિ ૨ ને શનિવાર તા. ૧૧ નવેંબર ૧૯૧૬.
ઠે. ૪૨૬ જવેરી બજાર, મુંબઇ.

સંવત્ ૧૯૭૨ની સાલ સુધીમાં ૩૮ ગ્રન્થો છપાયા અને એજ સાલમાં નીચે પ્રમાણે, સાધુ, સાધ્વી, શ્રાવક, લાયબ્રેરી, ભંડારો, પાઠશાલા, મંડલો, અને અન્ય વ્યક્તિઓને ભેટ આપવામાં આવ્યા છે.

| અંક. | નામ. | ભેટ સંખ્યા. | અંક. | નામ. | ભેટ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી વીતરાગસ્તોત્ર. | ૦ | ૨૨ | આનંદકાવ્ય મહોદધિ મૌ ૩ જું. | ૧૭ |
| ૨ | શ્રમણપ્રતિક્રમણ. | ૦ | ૨૩ | ચતુર્વિંશતિ જીનાનંદ સ્તુતિ. | ૫ |
| ૩ | સ્યાદ્વાદ ભાષા. | ૦ | ૨૪ | ષટ્ પુરૂષ ચરિત્ર. | ૫ |
| ૪ | પાક્ષિક સૂત્રમ્. | ૧ | ૨૫ | સ્થુલિભદ્ર ચરિત્ર. | ૮ |
| ૫ | અધ્યાત્મ મતપરીક્ષા. | ૦ | ૨૬ | ધર્મસંગ્રહ પૂર્વાર્દ્ધ. | ૯ |
| ૬ | ષોડશક પ્રકરણ. | ૧ | ૨૭ | સંગ્રહણી વૃત્તિ. | ૮ |
| ૭ | કલ્પસૂત્ર સુબોધિકા. | ૦ | ૨૮ | ઉપદેશશતક સમ્યક્ત્વ પરિક્ષા (પ્રેસમાં) | |
| ૮ | વંદારૂ વૃત્તિ. | ૧ | ૨૯ | લલિતવિસ્તરા. | ૮૪ |
| ૯ | દાન કલ્પદ્રુમ. | ૦ | ૩૦ | કાવ્યમહોદધિ મૌ ૪ થું. | ૧૨૧ |
| ૧૦ | યોગ ષીડશોષી | ૧૫ | ૩૧ | અનુયોગદ્વાર ભાગ ૧ લો. | ૧૧૪ |
| ૧૧ | જલ્પકલ્પલતા. | ૧ | ૩૨ | કાવ્યમહોદધિ મૌ ૫ મું (પ્રેસમાં) | |
| ૧૨ | યોગદૃષ્ટિસમુચ્ચય. | ૨ | ૩૩ | ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ ૧ લો. | ૧૧૮ |
| ૧૩ | કર્મ ષીડશોષી. | ૧૫ | ૩૪ | મલયસુંદરી ચરિત્ર. | ૫૭ |
| ૧૪ | આનંદ કાવ્ય મહોદધિ મૌ ૧ લું | ૧૫ | ૩૫ | સમકિત સિત્તરી. | ( પ્રેસમાં ) |
| ૧૫ | ધર્મપરીક્ષા. | ૧ | ૩૬ | ઉત્તરાધ્યનસૂત્ર ૨ જો. | ૨૮ |
| ૧૬ | શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય. | ૩ | ૩૭ | અનુયોગદ્વાર ભાગ ૨ જો. સંપૂર્ણ. | ૨૬ |
| ૧૭ | કર્મપ્રકૃતિ. | ૧ | ૩૮ | ગુણસ્થાન ક્રમારોહ. | ૪૨ |
| ૧૮ | કલ્પસૂત્ર બારસો. | ૪ | | ( નવા સંવત્ ૧૯૭૩ માં ) | |
| ૧૯ | પંચપ્રતિક્રમણ | ૦ | ૩૯ | ધર્મસંગ્રહણી પૂર્વાર્દ્ધ ( પ્રેસમાં ) | |
| ૨૦ | આનંદકાવ્ય મહોદધિ મૌ ૨ જું. | ૧૯ | ૪૦ | ધર્મ કલ્પદ્રુમ. | ( પ્રેસમાં ) |
| ૨૧ | ઉપદેશ રત્નાકર | ૩ | ૪૧ | ઉત્તરાધ્યયન ૩ જો. સંપૂર્ણ. | ( પ્રેસમાં ) |

બીજી સંસ્થાના કે જેની અસે ૫૦ નકલો ઉંચા કાગળોપર કઢાવેલી, તેનું ભેટનું લીષ્ટ.
સં. ૧૯૭૨ ના આસો વદિ ૦)) સુધીનું.

૧ રત્નપાલનૃપ કથા. ૪૦ ૨ જંબુસ્વામિ ચરિત્ર. ૪૦ ૩ નવતત્ત્વવૃત્તિ. ૪૦
૪ સુગાદિદેશના. ૪૦ ૫ સ્તોત્ર રત્નાકર. ૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## હાલમાં છપાઇને બહાર પડેલ છે.

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૮ મું; ૯ મું.

આ બે પર્વની અંદર શ્રી નેમિનાથનું અને પાર્શ્વનાથનું, તેમજ પાંડવોનું, કૃષ્ણ, બળભદ્ર અને જરાસંઘનું તથા બ્રહ્મદત્ત ચક્રવર્તીનું ચરિત્ર સમાવેલ છે. વસુદેવનું ચરિત્ર પણ બહુ વિસ્તારે આપેલું છે. દ્રૌપદીના ચરિત્રનો સમાવેશ પાંડવોના ચરિત્રની અંદર કરેલો છે પણ પાંડવોનું ચરિત્ર બહુ વિસ્તૃત નથી. આ ભાષાંતર અમે પ્રથમ છપાવેલ પણ તેની નકલો સુમારે બે વર્ષ થયા ખપી ગઈ હતી, તેથી આ બીજી આવૃત્તિ બહુ સુંદર અને મોટા ગુજરાતી ટાઈપથી ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં મુંબઈમાં છપાવી છે. પ્રસ્તાવનાને વિષયાનુક્રમણિકા બહુ વિસ્તારે આપવામાં આવેલ છે, જે વાંચતાં બંને પર્વનો સાર સમજી શકાય તેમ છે. છપામણ, બંધામણ અને કાગળ સંબંધી ખર્ચ વધારે લાગ્યા છતાં કિંમત અસલ પ્રમાણે રૂા. ૧–૧૨–૦ જ રાખવામાં આવેલ છે. છેલાં વર્ષમાં આખું ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મંગાવનારને આ વિભાગ મળેલ નથી તેથી તેમણે મંગાવી લેવો. પોસ્ટેજ ચાર આના વધારે સમજવા. હાલમાં દશે પર્વ તૈયાર છે તેથી બીજું પણ કોઈ પર્વ છુટલું હોય તો તે અગર આખો સેટ મંગાવી લેવાનું ધ્યાનમાં રાખવું. પ્રમાદ કરવો નહીં.

### શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર. ( ગુજરાતી )

( ટીકા છાપ–મોટા અક્ષર. )

આ બુક કાયમ અમારા તરફથી છપાય છે તેજ પ્રમાણે છપાવેલ છે. સહજ સુધારો વધારો કરેલ છે. ચોથી આવૃત્તિ છે. નવા અભ્યાસીને વાંચવામાં બહુ સુગમ પડે તેવી છે. કિંમત પ્રથમ પ્રમાણે જ આઠ આના રાખેલ છે. જૈનશાળાઓમાં ઇનામ વિગેરે કાર્ય માટે સાત આના. પોસ્ટેજ દોઢ આનો.

### શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા સટીક ભાષાંતર.

આ અપૂર્વ વૈરાગ્યોત્પાદક ૩૬ શ્લોકોના પ્રકરણને તેના પર નવી ટીકા રચાવી ટીકા સાથે તથા તેના ગુજરાતી અર્થ ને વિસ્તૃત વિવેચન સાથે છપાવીને બહાર પાડેલ છે. એક શ્રાવિકાએ આર્થિક સહાય કરી છે તેથી ઉત્તમ સાધુ સાધ્વીઓને તથા જૈન સંસ્થાઓ અને પુસ્તકાલયોને ભેટ આપવામાં આવે છે. બીજાઓ પણ તેનો લાભ લઈ શકે તેટલા માટે થોડી નકલો માત્ર બે આનાની પડતર કિંમતે વેચવા રાખેલી છે. વાંચતાં અવશ્ય વૈરાગ્ય ઉત્પન્ન થવા સાથે શુદ્ધ માર્ગ સમજી શકાય તેમ છે. સંસ્થાઓએ માત્ર પોસ્ટેજ અને અન્ય ઇચ્છકોએ પોસ્ટેજનો અરધો આનો વધારે મોકલવાનું ધ્યાનમાં રાખવું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મેવાડના જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર.

આ અત્યુત્તમ કાર્ય શેઠ વીરચંદભાઈ દીપચંદ વિગેરે ગૃહસ્થોની પ્રેરણાથી અને સહાયથી શ્રી પાટણ નિવાસી શેઠ લલ્લુભાઈ જમનાચંદે સંવત ૧૯૪૯ ની સાલથી હાથ ધર્યું છે. તેમણે એ સંબંધના ઉપજ ખર્ચનો હીસાબ અને રીપોર્ટ સં. ૧૯૪૯ થી સં. ૧૯૭૨ સુધીનો હાલમાં છપાવીને બહાર પાડ્યો છે. તે વાંચી લોકો એમનું એ કાર્ય ખરેખર પ્રશંસાપાત્ર અને અનુમોદન કરવા યોગ્ય છે. એમણે મેવાડના ઘણા જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર પોતાનો જાતિભોગ આપી-જાતે ત્યાં હાજર રહીને કરાવ્યો છે. એમનો હીસાબ જોતાં તે પણ બહુ સારી રીતે રાખવામાં આવ્યો જણાય છે. તેમને આ કાર્યની અંદર શ્રી મુંબઈના ગોડીજીના તથા શાંતિનાથજીના દેરાસર તરફથી તેમજ જૈન કોન્ફરન્સ ઓફીસ તરફથી બહુ મોટી રકમની મદદ મળી જણાય છે. કેટલાક ગૃહસ્થોએ પણ સારી મદદ કરી છે. એમણે મુખ્ય તો શ્રી રાજનગર ( મેવાડ ) ના ચોમુખજીના અને કરેડા પાર્શ્વનાથજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનું કામ હાથ ધર્યું જણાય છે, પરંતુ આજુબાજુના બીજા ઘણા ગામોના દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. રીપોર્ટ નાનો પણ વાંચવા લાયક છે. આ સંબંધમાં અમારા તરફથી બે પ્રકારની જૈનસમુદાયને વિનંતિ કરવામાં આવે છે. પ્રથમ એ કે શેઠ લલ્લુભાઈની વય હવે બહુ વૃદ્ધ થયેલી છે, તો તેમની સાથે બીજો સહાયક જોડી દઈ માહીતગાર કરવાની બહુ આવશ્યકતા છે. અને બીજું એ કે તેમણે હાથ ધરેલું કામ સતત શરૂ રાખવા લાયક હોવાથી સારી સંપત્તિ ધરાવનાર દરેક દેરાસરના તેમજ તીર્થોના વ્યવસ્થાપકોએ તેમને આર્થિક સહાય આપી તેમનો ઉત્સાહ વધારવો એ ખાસ કર્તવ્ય છે. આવા આત્મભોગ આપીને જીર્ણોદ્ધારનું કામ કરી આપનારા મળવા મુશ્કેલ છે, માટે તેમને ઉત્તેજન આપવાની દરેક જૈન બંધુની ખાસ ફરજ છે.

## લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઈફ મેમ્બરોને આ પૂરા થતા વર્ષને અંગે નીચે જણાવેલ ગ્રંથો ને બુકો ભેટ આપવાનું મુકરર કરવામાં આવેલ છે. તે તમામ તૈયાર હોવાથી મોકલવા શરૂ કરેલા છે. તેમાંથી કેટલાક મેમ્બરોને અમુક બુકો મોકલાયેલ છે તેમણે બાકી રહેલ મંગાવી લેવાનું ધ્યાનમાં રાખવું.

૧ શ્રી સૂક્ષ્માર્થ સારોદ્ધાર સાર્ધ શતક સટીક.

૨ શ્રીપાળ રાજાનો રાસ અર્થ વિવેચન યુક્ત.

૩ શ્રી અધ્યાત્મસાર સટીક. સંસ્કૃત. શ્લોક ૮૦૦૦.

૪ શ્રી યુગાદિદેશના ભાષાંતર.

૫ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

૬ શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર.

૭ શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા સટીક ભાષાંતર.

૮ અધ્યાત્મસાર સટીક ભાષાંતર. કી. રૂ. ૨) નું રૂ. ૧) ની કિંમતથી.

For Private And Personal Use Only